પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ ● અંક : ૨૮૦ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૦-૦૭-૨૦૨૪ શનિવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com



પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


# માઈક્રોસોફ્ટ ક્લાઉડ આઉટેજને કારણે ફ્રન્ટિયર, એલિજિઅન્ટ અને સનકંટ્રી જેવી મોટી એરલાઈન્સની સેવાઓ ઠપ્પ થઈ ગઈ



નવીદિલ્હી,

માઈક્રોસોફ્ટની ક્લાઉડ સર્વિસ બંધ થવાના કારણે ભારત અને અમેરિકા સહિત વિશ્વના અનેક દેશોની એરલાઈન્સને અસર થઈ છે. ઘણી એરલાઈન્સની ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. આ આઉટેજને કારણે ફ્લાઈટ બુકિંગ, કેન્સલેશનથી લઈને ચેક-ઈન સુધીની સેવાઓને અસર થઈ છે. રિપોર્ટ અનુસાર, માઈક્રોસોફ્ટ ક્લાઉડ આઉટેજને કારણે ફ્રન્ટિયર, એલિજિઅન્ટ અને સનકંટ્રી જેવી મોટી એરલાઈન્સ કંપનીઓની સેવાઓ ઠપ્પ થઈ ગઈ છે. ફ્રન્ટિયરે કહ્યું કે તે સામાન્ય કામગીરી ફરી શરૂ કરવાની પ્રક્રિયામાં છે. ભારતમાં ઈન્ડિગો, અકાસા અને સ્પાઈસજેટે પણ સેવામાં વિક્ષેપ અંગે એડવાઈઝરી જારી કરી છે. એરપોર્ટ પર પ્રવેશ મેન્યુઅલ બોર્ડિંગ પાસ દ્વારા થાય છે.

અમારી સિસ્ટમો હાલમાં માઈક્રોસોફ્ટ આઉટેજથી પ્રભાવિત છે, જે અન્ય કંપનીઓને પણ અસર કરી રહી છે. આ સમય દરમિયાન બુકિંગ, ચેક-ઈન, તમારા બોર્ડિંગ પાસની ઍક્સેસ અને કેટલીક ફ્લાઈટ્સ પ્રભાવિત થઈ શકે છેઆ આઉટેજ પર, દિલ્હી એરપોર્ટે જણાવ્યું હતું કે, "વૈશ્વિક આઈટી આઉટેજને કારણે, દિલ્હી એરપોર્ટ પરની કેટલીક સેવાઓને અસ્થાયી રૂપે અસર થઈ હતી. અમે અમારા મુસાફરોને અસુવિધા ઘટાડવા માટે અમારા ભાગીદારો સાથે મળીને કામ કરી રહ્યા છીએ. મુસાફરોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ તેમના સંપર્કમાં રહે. એરલાઈન."

ફ્રન્ટિયરે અગાઉ કહ્યું હતું કે "માઈક્રોસોફ્ટ ટેકનિકલ ખામી" એ તેની કામગીરીને અસ્થાયી રૂપે અસર કરી છે. સનકન્ટ્રીએ જણાવ્યું હતું કે તૃતીય-પક્ષ વિક્રેતાએ તેના બુકિંગ અને ચેક-ઈન સુવિધાઓને અસર કરી છે. રિપોર્ટ અનુસાર, આ આઉટેજને કારણે ફ્રન્ટિયરે ૧૪૭ ફ્લાઈટ્સ કેન્સલ કરી છે અને ૨૧૨ રિશેડ્યૂલ કરી છે. આ સિવાય એલિજિઅન્ટની ૪૫ ટકા ફ્લાઈટ્સ મોડી પડી છે. સન કન્ટ્રીની ૨૩% ફ્લાઈટ્સ પણ મોડી પડી છે. કોમ્યુનિકેશનની સમસ્યાને કારણે અમેરિકન એરલાઈન્સે પણ પોતાની તમામ ફ્લાઈટ્સ બંધ કરી દીધી છે. માઈક્રોસોફ્ટે જણાવ્યું છે કે આ આઉટેજ ૧૯ જુલાઈના રોજ ભારતીય સમય અનુસાર સવારે ૩.૩૦ વાગ્યે શરૂ થયો હતો. કંપનીએ કહ્યું છે કે આઈટી ટીમ તેને ઠીક કરવા માટે સતત કામ કરી રહી છે.

સ્પાઈસે ટ્વિટર પર પોસ્ટ કર્યું, "અમે હાલમાં અમારા સેવા પ્રદાતા સાથે તકનીકી પડકારોનો અનુભવ કરી રહ્યા છીએ, જે બુકિંગ, ચેક-ઈન અને બુકિંગના સંચાલન સહિતની ઑનલાઈન સેવાઓને અસર કરી રહી છે. પરિણામે, અમે તમામ એરપોર્ટ પર મેન્યુઅલ ચેક-ઈન અને બોર્ડિંગ પ્રક્રિયાઓ સક્રિય કરી છે. અમે આગામી મુસાફરી યોજનાઓ ધરાવતા મુસાફરોને અમારા કાઉન્ટર પર ચેક-ઈન પૂર્ણ કરવા માટે સામાન્ય કરતાં વહેલા એરપોર્ટ પર પહોંચવાની વિનંતી કરીએ છીએ. આના કારણે થતી કોઈપણ અસુવિધા માટે અમે દિલથી દિલગીર છીએ અને તમને ખાતરી આપીએ છીએ કે અમારી ટીમો અમારા સેવા પ્રદાતા સાથે ખંતપૂર્વક કામ કરી રહી છે જેથી આ સમસ્યાઓનું તાત્કાલિક નિરાકરણ આવે. આ સમય દરમિયાન તમારી ધીરજ અને સહકાર બદલ આભાર.

માઈક્રોસોફ્ટના સર્વિસ હેલ્થ સ્ટેટસ અપડેટ અનુસાર, આ સમસ્યાનું પ્રારંભિક કારણ એઝ્યુર બેકએન્ડ વર્કલોડના રૂપરેખાંકનમાં ફેરફાર છે જે સ્ટોરેજ અને કોમ્પ્યુટ સંસાધનોની વચ્ચે અડચણ ઊભી કરે છે અને પરિણામે કનેક્ટિવિટી નિષ્ફળ જાય છે. કંપનીનું કહેવું છે કે આ સમસ્યાને કારણે માઈક્રોસોફ્ટ ૩૬૫ સેવાઓ પ્રભાવિત થઈ છે. માઈક્રોસોફ્ટ સાથે કામ કરતીએ આ સમસ્યાનો સ્વીકાર કર્યો છે. એક સાયબર સુરક્ષા પેઢી છે. ફર્મના ઈજનેરોએ તે સામગ્રી શોધી કાઢી છે જેના કારણે સમસ્યા સર્જાઈ હતી અને કરાયેલા ફેરફારોને પાછા ખેંચી લીધા છે.

ઘણા યુઝર્સ આ અંગે ફરિયાદ કરી રહ્યા છે. આ સમસ્યાને કારણે લાખો યુઝર્સને ભારે અસર થઈ છે. ઘણા વપરાશકર્તાઓ ફરિયાદ કરી રહ્યા છે કે તેમની સિસ્ટમ કાં તો બંધ થઈ ગઈ છે અથવા તેઓ બ્લુ સ્ક્રીનની સમસ્યાનો સામનો કરી રહ્યા છે. તે મોટી બેંકો, આંતરરાષ્ટ્રીય એરલાઈન્સ, જીમેલ, એમેઝોન અને અન્ય ઈમરજન્સી સેવાઓને અસર કરી રહી છે.માઈક્રોસોફ્ટના સર્વિસ હેલ્થ સ્ટેટસ અપડેટ અનુસાર, આ સમસ્યાનું પ્રારંભિક કારણ એઝ્યુર બેકએન્ડ વર્કલોડના રૂપરેખાંકનમાં ફેરફાર છે જે સ્ટોરેજ અને કોમ્પ્યુટ સંસાધનોની વચ્ચે અડચણ ઊભી કરે છે અને પરિણામે કનેક્ટિવિટી નિષ્ફળ જાય છે. કંપનીનું કહેવું છે કે આ સમસ્યાને કારણે માઈક્રોસોફ્ટ ૩૬૫ સેવાઓ પ્રભાવિત થઈ છે. માઈક્રોસોફ્ટ સાથે કામ કરતીએ આ સમસ્યાનો સ્વીકાર કર્યો છે. એક સાયબર સુરક્ષા પેઢી છે. ફર્મના ઈજનેરોએ તે સામગ્રી શોધી કાઢી છે જેના કારણે સમસ્યા સર્જાઈ હતી અને કરાયેલા ફેરફારોને પાછા ખેંચી લીધા છે. ઘણા યુઝર્સ આ અંગે ફરિયાદ કરી રહ્યા છે. આ સમસ્યાને કારણે લાખો યુઝર્સને ભારે અસર થઈ છે.

## આઈએએસ ઓફિસર પૂજા ખેડકરની મુશ્કેલીઓ વધી; પરીક્ષામાં છેતરપિંડી કરવાના આરોપમાં એફઆઈઆર દાખલ



નવીદિલ્હી,

યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (યુપીએસસી)એ શુક્રવારે પ્રોબેશનર આઈએએસ ઓફિસર પૂજા ખેડકર વિરુદ્ધ ઘણી કાર્યવાહી શરૂ કરી છે. પંચ દ્વારા લેવામાં આવેલા પગલાઓમાં પૂજા વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરવાનો સમાવેશ થાય છે. નકલી ઓળખ કાર્ડનો ઉપયોગ કરીને સિવિલ સર્વિસ પરીક્ષામાં બેસવા બદલ તેની સામે એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. કમિશને સિવિલ સર્વિસ પરીક્ષા-૨૦૨૨ માટે તેમની ઉમેદવારી રદ કરવા અને ભવિષ્યની પરીક્ષાઓમાં હાજર રહેવા પર પ્રતિબંધ મૂકતી કારણ બતાવો નોટિસ પણ જારી કરી છે.

ઈન્ડિયન એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ ૨૦૨૩ બેચની ઓફિસર પૂજા ખેડકર પર તાજેતરમાં પુણેમાં તેની તાલીમ દરમિયાન સિવિલ સર્વિસમાં પસંદગી માટે વિશેષાધિકારોનો દુરુપયોગ કરવાનો અને બનાવટી પ્રમાણપત્રોનો ઉપયોગ કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. કમિશને એક સત્તાવાર નિવેદનમાં જણાવ્યું હતું કે યુપીએસસીએ સિવિલ સર્વિસ પરીક્ષા-૨૦૨૨ માટે પસંદ કરાયેલા ઉમેદવાર પૂજા મનોરમા દિલીપ ખેડકર અંગે વિગતવાર અને સંપૂર્ણ તપાસ હાથ ધરી છે. તપાસમાં જાણવા મળ્યું છે કે ખેડકરે તેનું નામ, તેના માતા-પિતાના નામ, તેના ફોટોગ્રાફ, સહી, તેનું ઈમેલ આઈડી, મોબાઈલ નંબર અને સરનામું બદલીને તેની ઓળખ છુપાવી હતી. તેણે પરીક્ષાના નિયમો હેઠળ અનુમતિપાત્ર મર્યાદા કરતાં વધુ પ્રયાસોનો લાભ લીધો. નિવેદન અનુસાર, યુપીએસસીએ પૂજા ખેડકર વિરુદ્ધ પોલીસ એફઆઈઆર દાખલ કરવા અને ફોજદારી કાર્યવાહી સહિત અનેક કાર્યવાહી શરૂ કરી છે.

## ૧૭ હજાર વિદ્યાર્થીઓ નાપાસ થવાથી કેજરીવાલ સરકારના શિક્ષણ મોડલનો પર્દાફાશ: વીરેન્દ્ર સચદેવા



નવીદિલ્હી,

બીજેપી દિલ્હી અધ્યક્ષ વીરેન્દ્ર સચદેવાએ ફરી એકવાર રાજ્યની કેજરીવાલ સરકાર પર પ્રહારો કર્યા છે. શિક્ષણ પ્રણાલી પર સવાલ ઉઠાવતા તેમણે કહ્યું કે દિલ્હીની સરકારી શાળાઓમાં ધોરણ નવના ૧૭ હજારથી વધુ વિદ્યાર્થીઓ બીજી વખત નાપાસ થયા છે. તેમણે કહ્યું, “અરવિંદ કેજરીવાલના એજ્યુકેશન મોડલની હાલત એવી છે કે નવમા ધોરણના ૧૭ હજાર ૩૦૮ બાળકો બીજી વખત નાપાસ થયા છે. તે બાળકોને અન્ય કોઈ શાળામાં જઈને અભ્યાસ કરવાનું કહેવામાં આવ્યું છે. શિક્ષણની ગંભીરતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે ઓપન સ્કૂલમાં માત્ર ૭ હજાર બાળકો નોંધાયા છે અને ૧૧ હજાર બાળકોએ અભ્યાસ છોડી દીધો છે.વીરેન્દ્ર સચદેવાએ કહ્યું, “જે બાળકો પર દિલ્હી બનાવવાની જવાબદારી હતી. આજે દિલ્હીની ભ્રષ્ટ સરકારની નીતિઓએ તેમને ચોકઠાં પર લાવ્યા છે. દિલ્હી સરકાર પાસે કોઈ જવાબ નથી. શિક્ષકો પરેશાન છે, તેમને ભણાવવાની તક આપવામાં આવતી નથી પરંતુ સરકારી કામ કરાવવામાં આવે છે. એક લાખથી વધુ બાળકો નાપાસ થયા છે. શિક્ષણ નિયામકની કચેરીએ જ આ વાત કહી છે.દિલ્હી સરકારના નિર્ણય પર સવાલ ઉઠાવતા તેમણે કહ્યું કે સરકારે બાળકોને અન્ય શાળાઓમાં જવાનો આદેશ આપ્યો છે. પરંતુ તેઓ શિક્ષક કે ટ્યુશન વિના કેવી રીતે અભ્યાસ કરી શકશે તેનો તેમની પાસે કોઈ જવાબ નથી. તેમણે આરોપ લગાવ્યો કે અરવિંદ કેજરીવાલની સરકારે દિલ્હીને ભ્રષ્ટાચારનું મોડલ બનાવી દીધું છે અને શિક્ષણના નામે દિલ્હીને લૂંટી લીધું છે.

વીરેન્દ્ર સચદેવાએ કહ્યું કે ભાજપ સતત કહે છે કે અરવિંદ કેજરીવાલ સરકારમાં શાળાઓમાં શિક્ષણનું ધોરણ ખરાબ છે. ખાસ કરીને ધોરણ ૯ અને ૧૧ના વિદ્યાર્થીઓને સરકાર દ્વારા જાણીજોઈને મોટી સંખ્યામાં નાપાસ કરવામાં આવે છે, જેથી ઓછામાં ઓછા વિદ્યાર્થીઓ ધોરણ ૧૦ની પરીક્ષા આપી શકે અને સરકાર ધોરણ ૧૦ અને ૧૨ના સારા પરિણામ બતાવી શકે.

## તમે મોટાં બણગા ફૂંકો છો તો ભૂવા કેમ પડે છે, ગુજરાત હાઈકોર્ટે અમદાવાદ મ્યુ.કોર્પોરેશનને ઝાટકી



,અમદાવાદ,

અમદાવાદ શહેરમાં રખડતા ઢોર અને રસ્તાઓ ઉપર ભૂવા પડવા મામલે ગુજરાત હાઈકોર્ટમાં સુનાવણી હાથ ધરાઈ હતી. આ દરમિયાન હાઈકોર્ટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને જોરદાર ફટકાર લગાવી હતી. કોર્ટે કહ્યું હતું કે, ’અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રસ્તાઓ યોગ્ય રીતે રીપેરીંગની કામગીરી કરવામાં આવી છે તેવા દાવાઓ કરવામાં આવે છે. તેમ છતાં શહેરના રસ્તાઓ ઉપર અવારનવાર કેમ મસમોટા ભૂવાઓ પડે છેઅમદાવાદ કોર્પોરેશનના એન્જિનિયરો શું કરી રહ્યા છે? આ બાબતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રોડ બનાવવાની તેમજ કોઈ કામગીરી માટે રોડ ખોલવાની અને રોડ બંધ કરવાની શું પોલીસી છે તે રજૂ કરવી જસ્ટિસ અલ્પેશ વાય કોગજે અને જસ્ટિસ સમીર જે દવેની ખંડપીઠે અમ્યુકોને નિર્દેશ કર્યો હતો.

ગુજરાત હાઈકોર્ટે જણાવ્યું હતું કે, કોર્પોરેશન દ્વારા કામગીરી બાબતે દાવાઓ કરવામાં આવે છે પણ તેમ છતાં અવારનવાર રસ્તાઓ ઉપર કેમ ભૂવા પડે છે એ બાબતનો કોઈ જવાબ આપવામાં આવ્યો નથી. કોર્પોરેશન દ્વારા એન્જિનિયરની ભરતી કરવામાં આવે છે, પરંતુ રોડ રસ્તાની કામગીરી થર્ડ પાર્ટીના ભરોસે હોય છે. તો શું માત્ર એન્જિનિયરો થર્ડ પાર્ટી એક્સપર્ટના સહારે જ કામ કરે છે? આ બાબતનો જવાબ આપો.’ જો કે, આ કેસની વધુ સુનાવણી હવે આગામી ૨૫મી જુલાઈએ થશે.

## યુપી બાદ હવે ઉત્તરાખંડમાં પણ દુકાનદારોએ કંવર માર્ગ પર માલિકનું નામ લખવું પડશે

દેહરાદૂન

ઉત્તર પ્રદેશની જેમ હવે ઉત્તરાખંડમાં પણ કંવર યાત્રાના રૂટ પરના દુકાનદારોએ હોટલ અને ઢાબાના રેટ લિસ્ટ સાથે તેમના નામ લખવાના રહેશે, હરિદ્વાર પોલીસ પ્રશાસને રેસ્ટોરન્ટના માલિકોને તેમના નામ કંવર પર દર્શાવવા આદેશ આપ્યો છે

હરિદ્વારના એસએસપી પરમેન્દ્ર ડોબલે કહ્યું કે કંવર માર્ગ પર આવેલી હોટલ, ઢાબા, રેસ્ટોરન્ટ કે સ્ટ્રીટ વેન્ડરોએ ફરજીયાતપણે તેમના માલિકનું નામ લખવું પડશે. જો તેઓ આમ નહીં કરે તો તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.તમને જણાવી દઈએ કે હાલમાં જ હરિદ્વારમાં કેટલાક સંગઠનોએ પોલીસ સમક્ષ માંગ ઉઠાવી હતી કે કંવર માર્ગ પર શિવભક્તોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે દુકાનદારોએ દુકાનો પર તેમના નામ ચોક્કસપણે લખવા જોઈએ. જે બાદ હવે પોલીસે મામલાની ગંભીરતાને જોતા આ નિર્ણય લીધો છે. મેંગ્લોર વિસ્તારમાં એક ઢાબા પર લસણ અને ડુંગળી પીરસવામાં આવતા હોબાળો બાદ પોલીસે ઢાબા અને હોટલ સંચાલકો સાથે બેઠક યોજી હતી. જેમાં પોલીસે જણાવ્યું હતું કે કંવર યાત્રા દરમિયાન ઢાબા અને હોટલોમાં લસણ અને ડુંગળીનું ભોજન પીરસવામાં આવશે નહીં. ઉપરાંત, માંસાહારી ખોરાક કોઈપણ સંજોગોમાં તૈયાર કરવામાં આવશે નહીં.

## દેવભૂમિ દ્વારકામાં વ્યાપક વરસાદ, સ્થાનિક નદીમાં આવ્યુ પૂર, ચેકડેમ-નાળા છલકાયા



દ્વારકા

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આજે મેઘરાજા મન મુકીને વરસ્યા હતા. ખાસ કરીને જિલ્લાના કલ્યાણપુર તાલુકમાં સારો અને નોંધપાત્ર વરસાદ વરસતા, અનેક સ્થાનિક નદી નાળા છલકાઈ ગયા હતા. ખંભાળિયા તાલુકાના લાલપરડા ગામે મેઘરાજાની તોફાની બેટિંગથી નદી નાળાઓમાં ધસમસતા પાણીના પૂર વહ્યાં હતા. જેના પગલે, રસ્તા પર આવેલો કોઝવે પાણીમાં ગરકાવ થઈ ગયો હતો.

કલ્યાણપુર તાલુકાના રાવલ આસપાસ વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. ભારે વરસાદના પગલે સાની નદીમાં ઘોડાપૂર આવ્યું હતું. ચેકડેમો અને તળાવો છલકાતા ખેડૂતોમાં ખુશીનો માહોલ વ્યાપી ગયો હતો.કલ્યાણપુરના જુવાનપુર ગામે સ્થાનિક નદીમાં ઘોડાપૂર આવવાથી કેટલીક ગાયો ફસાઈ ગઈ હોવાના દ્રશ્યો સામે આવ્યા હતા. નદીમાંથી પસાર થતા સમયે ધસમસતા પાણીમાં ફસાઈ ગાય ફસાઈ ગઈ હતી. જો કે તેનુ રેસ્ક્યુ કરવામા આવ્યું હતું.સતત વરસી રહેલા વરસાદથી ખેતરોમાં હજુ પણ પાણી ઓસર્યા નથી. ખેતરોમાં ઊભો પાક, વરસાદી પાણીમાં ગરકાવ થઈ ગયો છે. વરસાદી પાણી ભરાઈ રહેવાના પગલે, મગફળીના પાકને નુકસાન થવાની ભીતિ ખેડૂતો સેવી રહ્યાં છે.

## મેઘરાજાએ ગુજરાતને ધમરોળ્યુ, પોરબંદરને કર્યુ પાણી પાણી, ૧૪ ઈંચ વરસાદ



પોરબંદર,

ગુજરાતમાં ચોમાસાની ઋતુ જામી છે. ગુજરાતમાં સાર્વત્રિક વરસાદ વરસ્યો છે. ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૦૨ તાલુકામાં વરસાદ વરસ્યો છે. તો આજે સવારે ૪૦ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે. ૨૪ કલાકના વરસાદના આંકડાની વાત કરીએ તો સૌથી વધુ પોરબંદરમાં ૧૪ ઈંચ વરસાદ નોંધાયો છે. ૧૪ ઈંચ વરસાદથી પોરબંદરના રસ્તાઓ પાણીમાં ગરકાવ થઈ ગયા છે, એટલુ જ નહીં શાળાઓમાં રજા જાહેર કરવાની ફરજ પડી છે.

ગુજરાતમાં ૨૪ કલાકમાં ૧૦૨ તાલુકામાં વરસાદ ખાબક્યો છે. સૌથી વધુ પોરબંદરમાં ૧૪ ઈંચ વરસાદ વરસ્યો છે. દ્વારકાના કલ્યાણપુરમાં ૧૧ ઈંચ વરસાદ નોંધાયો છે. પોરબંદરના રાણાવાવમાં ૯.૫ ઈંચ વરસાદ, ગીર-સોમનાથના વેરાવળમાં ૮ ઈંચ વરસાદ, જૂનાગઢના વંથલીમાં ૭ ઈંચ વરસાદ, ગીર-સોમનાથના સૂત્રાપાડામાં ૬.૬ ઈંચ વરસાદ, જૂનાગઢના માણાવદરમાં ૬.૫ ઈંચ વરસાદ, ૮ તાલુકામાં ૪ ઈંચથી વધુ વરસાદ, ૭ તાલુકામાં ૩ ઈંચથી વધુ વરસાદ, ૮ તાલુકામાં ૨ ઈંચથી વધુ વરસાદ,ભારે વરસાદને પગલે અનેક વિસ્તારો બેટમાં ફેરવાઈ જવા પામ્યા હતા. બરડા પંથકમાં ભારે વરસાદથી ભારવાડા ગામનાં વાડી વિસ્તારમાંથી ૭ લોકોનું ફાયર બ્રિગ્રેડ દ્વારા રેસ્ક્યું કરવામાં આવ્યું છે. ભારે વરસાદનાં કારણે પાણી ભરાતા લોકો ફસાયા હતા.બગવદર કિંદરખેડા વચ્ચે વાડી વિસ્તારમાંથી ૨ લોકોનું રેસ્ક્યું કરાયું હતું. રાણાવાવમાંથી ૨ સહિત કુલ ૧૧ લોકોનું રેસ્ક્યું કરવામાં આવ્યું હતું. ભારે વરસાદથી અનેક વિસ્તારો બેટમાં ફેરવાયા હતા. સુદામાં ચોક, એમજી રોડ પાસે પાણી ભરાયા હતા. ખીજડી પ્લોટ ગાર્ડન પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. છાયા પ્લોટ વિસ્તારમાં ઘરમાં પાણી ઘૂસ્યા હતા.પોરબંદર જિલ્લામાં બારે મેઘ ખાંગા જેવી સ્થિતિ છે. પોરબંદર જિલ્લામાં ૨૪ કલાકમાં ૧૪ ઈંચ વરસાદ નોંધાયો છે. રાણાવાવમાં ૯ ઈંચ, કુતિયાણામાં ૬ ઈંચ વરસાદ નોંધાયો છે. અલગ અલગ વિસ્તારોમાં લોકોનું રેસ્ક્યુ કરવાની ફરજ પડી છે. હજુ પણ કેટલાક વિસ્તારોમાં લોકોની બચાવ કામગીરી ચાલી રહી છે.

## ટેકનિકલ ખામીને કારણે વિશ્વભરની બેંકો અને શેરબજારો અસરગ્રસ્ત જોવા મળી હતી

નવીદિલ્હી,

માઈક્રોસોફ્ટ અને ક્રાઉડ સ્ટ્રાઈક સેવાઓના આઉટેજને કારણે શેરબજારના વેપારીઓને પણ અસર થઈ છે. શેરબજારની ઘણી બ્રોકરેજ સેવાઓ અને બેંકોએ ટેકનિકલ ખામીઓની જાણ કરી છે. બ્રોકરેજ ફર્મ્સ અને આઈઆઈએફએલએ તેમના ગ્રાહકોને જણાવ્યું છે કે માઈક્રોસોફ્ટની ખામીને કારણે તેમની સિસ્ટમ પર અસર પડી છે. માઈક્રોસોફ્ટ અને ક્રાઉડ સ્ટ્રાઈક પર વૈશ્વિક આઉટેજથી અમારી સિસ્ટમ પ્રભાવિત થઈ છે, જે અમને સાયબર સુરક્ષા ઉકેલો પ્રદાન કરે છે, ૫ એશિયા અને ટ્વિટર પર જણાવ્યું હતું. "તેને શક્ય તેટલી ઝડપથી પુનઃસ્થાપિત કરવા માટે અમારી ટીમ તે બંને કંપનીઓ સાથે નજીકથી કામ કરી રહી છે."

હાલમાં, રાહતના સમાચાર એ છે કે ભારતીય શેરબજારો બીએસઈ અને એનએસઈ હજુ પણ આ આઉટેજથી પ્રભાવિત નથી. ઘણા દેશોમાં સ્ટોક એક્સચેન્જના કામકાજમાં વિક્ષેપના અહેવાલો વચ્ચે, ભારતના મુખ્ય સ્ટોક એક્સચેન્જ નેશનલ સ્ટોક એક્સચેન્જએ શુક્રવારે કહ્યું કે આ વૈશ્વિક આઉટેજની તેના પર કોઈ અસર થઈ નથી એનએસઈએ કહ્યું છે કે તેના પ્લેટફોર્મ પર કામગીરી સામાન્ય રીતે ચાલી રહી છે.

એનએસઈ અને એનસીએલ આજે સામાન્ય રીતે કામ કરી રહ્યા છે," એક્સચેન્જના પ્રવક્તાએ એક નિવેદનમાં જણાવ્યું હતું. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના ચેરમેન દિનેશ કુમાર ખરાએ પણ કહ્યું છે કે માઈક્રોસોફ્ટ આઉટેજથી એસબીઆઈની સિસ્ટમ પર કોઈ અસર થઈ નથી. બીજી તરફ, બેંકો સહિત વિશ્વભરના માઈક્રોસોફ્ટ વપરાશકર્તાઓ દ્વારા સામનો કરવામાં આવતી સમસ્યાઓ પછી, કંપનીએ કહ્યું છે કે તે માઈક્રોસોફ્ટ ૩૬૫ એપ્લિકેશન અને તેની સેવાઓના ઍક્સેસને અસર કરતી સમસ્યાને ધીમે ધીમે ઠીક કરી રહી છે.

આ ઉપરાંત એન્જલ વન, નુવામા, મોતીલાલ ઓસ્વાલે વેપાર કરતા વેપારીઓએ પણ ટેકનિકલ સમસ્યાઓ અંગે માહિતી આપી છે. વ્યથિત વેપારીઓ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ગયા અને બ્રોકરેજ ફર્મ્સ પાસેથી તેમના નુકસાન માટે વળતરની માગણી કરી, એમ કહીને કે તેમને તેમના સોદા વેચવામાં મુશ્કેલીનો સામનો કરવો પડ્યો. કારણ કે એપ પર કોઈ પેન્ડિંગ ઓર્ડર દેખાતો ન હતો.

લંડન સ્ટોક એક્સચેન્જનું વર્કસ્પેસ સમાચાર અને ડેટા પ્લેટફોર્મ પણ માઈક્રોસોફ્ટ આઉટેજથી પ્રભાવિત થયું હતું. તે જ સમયે, ભારતીય શેરબજારો બીએસઈ અને એનએસઈ પર માઈક્રોસોફ્ટની ખરાબીની મોટી અસર વિશે કોઈ માહિતી બહાર આવી નથી. જો કે, બેંકો અને એરલાઈન્સ સહિત વિશ્વભરના માઈક્રોસોફ્ટ વપરાશકર્તાઓએ વ્યાપક આઉટેજની જાણ કરી છે. આ બાબતે પ્રતિક્રિયા આપતા ટેક કંપનીએ કહ્યું છે કે આ સમસ્યાના ઉકેલ માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આઉટેજને કારણે ઈન્ડિગો, અકાસા એરલાઈન્સ અને સ્પાઈસ જેટ સહિત ભારતમાં ઘણી એરલાઈન્સની કામગીરીને પણ અસર થઈ છે. તેમને મોટી સંખ્યામાં તેમની ફ્લાઈટ્સ કેન્સલ કરવી પડી હતી.

ઓસ્ટ્રેલિયામાં સમાચાર આઉટલેટ્સે અહેવાલ આપ્યો છે કે બેંક સેવાઓ ગંભીર રીતે ખોરવાઈ ગઈ છે. બેંકોએ તેમની કમ્પ્યુટર સિસ્ટમની ઍક્સેસ ગુમાવી દીધી છે. ઑસ્ટ્રેલિયામાં સમાચાર આઉટલેટ્સ એબીસી અને સ્કાય ન્યૂઝ તેમના ટીવી અને રેડિયો ચેનલો પર પ્રસારિત કરવામાં અસમર્થ હતા. તેઓએ તેમના વિન્ડોઝ-આધારિત કોમ્પ્યુટરના અચાનક શટડાઉનની જાણ કરી. કેટલાક ન્યૂઝ એન્કર અંધારાવાળી ઓફિસોમાંથી લાઈવ ઓનલાઈન પ્રસારણ કરતા જોવા મળ્યા હતા. તેના કમ્પ્યુટર પર બ્લુ સ્ક્રીન (મૃત્યુની વાદળી સ્ક્રીન) દેખાઈ. આ તકનીકી ખામી દરમિયાન, ચુકવણી સિસ્ટમમાં પણ આઉટેજનો સામનો કરવો પડ્યો હતો જેના કારણે દુકાનદારો કેટલીક સુપરમાર્કેટ અને દુકાનો પર ચૂકવણી કરી શક્યા ન હતા.

ઓસ્ટ્રેલિયાની સૌથી મોટી બેંક કોમનવેલ્થ બેંકે જણાવ્યું હતું કે અચાનક ટેકનિકલ ખામીને કારણે કેટલાક ગ્રાહકો પૈસા ટ્રાન્સફર કરી શક્યા નથી. ન્યુઝીલેન્ડની કેટલીક બેંકોએ પણ માહિતી આપી છે કે તેઓ પોતે ઓફલાઈન છે. ન્યુઝીલેન્ડની બેંકોએ કહ્યું કે તેમની સેવાઓ સસ્પેન્ડ કરવામાં આવી છે. યુ.એસ.માં, એફએએ જણાવ્યું હતું કે એરલાઈન્સ યુનાઈટેડ, અમેરિકન, ડેલ્ટા અને એલેજિઅન્ટ તમામ ગ્રાઉન્ડેડ છે. બ્રિટનમાં એરલાઈન્સ, રેલવે અને ટેલિવિઝન સ્ટેશનના કોમ્પ્યુટર આ આઉટેજનો ભોગ બન્યા છે.

## અમદાવાદમાં ૧૩૮૬ ધાર્મિક દબાણને દૂર કરવા મ્યુનિ.એ નોટિસ આપી

અમદાવાદ

અમદાવાદના વિવિધ વોર્ડ વિસ્તારમાં જાહેર રસ્તા ઉપર આવેલા નડતરરૂપ ૧૩૮૬ ધાર્મિક પ્રકારના દબાણને સાત દિવસમાં દૂર કરવા એએમસીના એસ્ટેટ વિભાગ દ્વારા નોટિસ આપવામાં આવી છે.

અમદાવાદ મ્યુનિ. કોર્પો.ના હદ વિસ્તારમાં આવેલા નડતરરૂપ ધાર્મિક સ્થાનો દૂર કરવા સાત ઝોનના ડેપ્યુટી એસ્ટેટ ઓફિસર દ્વારા ગૃહ વિભાગના ઠરાવ મુજબ સાત દિવસના સમયમાં રોડ ઉપર ધાર્મિક પ્રકારના દબાણો દૂર કરવાના આદેશ આપવામાં આવ્યો છે. અમદાવાદ શહેરમાં વટવા, વિરાટનગર, ઈન્ડિયા કોલોની, રામોલ, ઈસનપુર વોર્ડના ભાડુઆતનગર વિસ્તારમાં મંદિરને દૂર કરવાના આદેશ અપાયા છે.

અમદાવાદ શહેરના વટવા વોર્ડમાં ધાર્મિક સ્થાન તોડી નાખવામાં આવ્યા હતા. કેટલા ધાર્મિક સ્થાનો તોડી પડાયા છે તેની જાણકારી અધિકારીએ આપી નથી. ભાથીજી મહારાજ મંદિર, વિરાટનગર, શનિદેવ તથા પાતળીયા હનુમાનજી મંદિર, ઈન્ડિયા કોલોની, હનુમાનજી મંદિર, બોમ્બે કન્ડક્ટર રોડ, ખોડીયાર મંદિર, સાંઈબાબા મંદિર વગેરે તોડી પડાયા છે.

# શંકાસ્પદ ચાંદીપુરમના કેસ અન્વયે ખેડા જીલ્લામાં ફીવર સર્વે તથા આઈઈસી કામગીરી હાથ ધરવામાં આવી



નડિયાદ, જીલ્લા આરોગ્ય તંત્ર, ખેડા-નડિયાદ દ્વારા શંકાસ્પદ ચાંદીપૂરમના કેસોના સંદર્ભે ફીલ્ડ કામગીરી સાથે આઈઈસી કામગીરી તેજ કરવામાં આવી છે. જે મુજબ સેન્ડફલાઈ એક એવી માખી છે જે ઘરની અંદરની બાજુએ કાચી કે પાકી દિવાલ પર ભેજવાળા વાતાવરણમાં રહે છે. સેન્ડફલાઈ તેની ઉત્પતિ માટે ઈંડા મૂકે છે. તેમાથી મચ્છરની જેમ ઈયળ કોશેટો અને તેમાંથી પુખ્ત માખી બને છે. આ સેન્ડ ફલાઈ નરી આંખે જોઈ શકાય તેવી સામાન્ય માખી કરતા ચાર ગણી નાની હોય છે. ગ્રામ્ય વિસ્તારોના ઘરોમાં ખાસ કરી ગાર-લીપણવાળા ઘરોમાં દિવાલની તિરાડો તેમજ દિવાલમાં રહેલા નાના છીદ્રોમાં તે રહે છે. આનાથી બચવા શાળાના બાળકોને માહીતગાર કરવામાં આવી રહ્યા છે. વધુમાં માઈક પ્રચાર, જૂથ ચર્ચા વગેરે કરીને પણ લોકોમાં જાગૃતિ લાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

### આ વાયરસ અંગે તકેદારી રાખવાની બાબતો.

એન્સેફીલાઈટીસ નામનો તાવ બાળકોને પ્રારંભિક તબક્કામાં તાવના લક્ષણો જણાય તો તાત્કાલિક નજીકના આરોગ્ય કેન્દ્રમાં સારવાર અપાવવી જોઈએ. જરૂરી રિપોર્ટ કરાવવા જોઈએ. આ વાયરસનો ફેલાવો મચ્છર તેમજ સેન્ડફલાઈ એટલે કે માટીના વિસ્તારમાં રહેતી માખીથી થતો હોય છે. જે માટે માખીનો નાશ કરવો જરૂરી છે. ઘરની અંદરના ભાગે શક્ય હોય ત્યાં સુધી હવાઉજાસ (સૂર્યપ્રકાશ આવે) તેવી વ્યવસ્થા કરવી. ૦ થી ૧૪ વર્ષ સુધીના બાળકોને જંતુનાશક દવાયુકત મચ્છરદાનીમાં સૂવડાવવાનો આગ્રહ રાખો. બાળકોને શક્ય હોય ત્યાં સુધી ખુલ્લા શરીરે ઘરની બહાર આંગણામાં (ધૂળમાં) રમવા દેવા નહીં.

### ચાંદીપુરા વાયરસનો ઈતિહાસ.

વર્ષ ૧૯૬૬ માં ચાંદીપુરા વાયરસનો પ્રથમ કેસ મહારાષ્ટ્રના નાગપૂર નજીકના ચાંદીપુરા વિસ્તારમાં દેખાયો હતો. જેથી કરી તેનું નામ ચાંદીપૂરા રાખવામાં આવ્યું. મુખ્યત્વે આ કેસો આદિવાસી વિસ્તારમાં જોવા મળે છે. ચાંદીપુરા વાયરસ આર.એન.એ. વાયરસ છે. જે મોટેભાગે માદા ફલેબોટોમાઈન ફલાય દ્વારા ફેલાતો હોય છે. આ વાયરસનો ભોગ ૧૪ વર્ષથી ઓછી ઉંમરના બાળકો બને છે. તેનો મૃત્યુદર સૌથી વધુ છે.

### ચાંદીપુરા તાવના લક્ષણો.

બાળકને સખત તાવ આવવો, ઝાડા-ઉલ્ટી થવી, ખેંચ આવવી અર્ધ બેભાન કે બેભાન થવુ.

## મહિસાગર જીલ્લામાં ચાંદીપુરા વાયરસનો વધુ એક કેસ નોંધાયો : આરોગ્ય તંત્ર દોડતું થયું



લુણાવાડા, મહિસાગર જીલ્લાના રાબડીયા ગામે શંકાસ્પદ ચાંદીપુરા વાયરસને લઈ એક બાળકીનું મૃત્યુ થવા પામ્યું છે. ત્યારે આજે જીલ્લામાં વધુ એક ચાંદીપુરા વાયરસનો કેસ સામે આવતાં જીલ્લા આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે.મહિસાગર જીલ્લા આરોગ્ય વિભાગની ટીમ ગામે ગામ પહોંચીને દવાઓનો છંટકાવ શરૂ કરવામાં આવ્યો છે. સાથે ચાંદીપુરા વાયરસથી બચવા માટે માહિતી આપવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. ચાંદીપુરા વાયરસએ સેન્ડ ફાયર માખી દ્વારા ફેલાતો રોગ છે અને નાના બાળકોથી લઈ ૧૪ વર્ષ સુધીના બાળકો ચાંદીપુરા વાયરસના સંક્રમણનો ભોગ બને છે. સામાન્ય રીતે સેન્ડ ફાયર માખીઓ માટીની દિવાલો અને દિવાલોની તિરાડમાં વસવાટ કરે છે. નાના બાળકોને કરડવાથી બાળકોમાં રોગપ્રતિકારક શકિત હોવાને લઈ જલ્દી ભોગ બને છે. ચાંદીપુરા વાયરસનો ભોગ બનનારને તાત્કાલીક સારવાર મળે તો મૃત્યુના મુખ માંથી બચી જાય છે. ચાંદીપુરા વાયરસના સંક્રમણને અટકાવવા માટે આરોગ્ય તંત્ર કામે લાગ્યું છે.

## કપડવંજ તાલુકાની નવાબોભા પ્રાથમિક શાળામાં નવા વર્ગખંડનું ઉદ્દઘાટન



નડિયાદ, કપડવંજ તાલુકાની નવાબોભા પ્રાથમિક શાળામાં Ttec કંપની તથા ગુજરાત રાજ્ય ગ્રામ વિકાસ એજન્સી સમિતિના સહયોગથી નવીન બનેલ વર્ગખંડનું ગુજરાત ગ્રામ વિકાસ એજન્સી સમિતિના મેનેજર રાજેશભાઈ વાઘેલાના હસ્તે ઉદઘાટન કરવામાં આવ્યું હતું. મેનેજર રાજેશભાઈ વાઘેલાએ પોતે નહીં પણ દીકરીઓના હસ્તે વર્ગખંડનું ઉદઘાટન કરાવ્યું હતું.

વાઘેલાએ બાળકો સાથે સંવાદ કરી બાળકોને શિક્ષણ અંગે વાત કરી ઉચ્ચ અભ્યાસ કરી જીવનમાં ખૂબ આગળ વધો એવી શુભેચ્છાઓ પાઠવી હતી.

આ પ્રસંગે બાળકોએ કુમકુમ તિલક ચાંદલો કરી મહેમાનોને આવકાર્યો હતા. બાળકો પ્રકૃતિ અને દેશ નેતાઓ વિશે રજૂઆત કરી, તુલસીપત્ર આપી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. સરપંચ એસ.એમ.સી. સભ્યો તથા શાળા પરિવારના સહયોગથી કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો હતો. ગ્રામજનો પણ હાજર રહ્યા હતા. અંતમાં આચાર્ય રાકેશભાઈએ આભાર વિધિ કરી હતી.

## જીલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને નડિયાદ તાલુકાના અરેરા ગામે રાત્રિ સભા યોજાઈ



નડિયાદ, જીલ્લા કલેકટર અમિત પ્રકાશ યાદવના અધ્યક્ષસ્થાને નડિયાદ તાલુકાના અરેરા ગામે રાત્રિ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત જીલ્લા કલેકટર દ્વારા અરેરા ગામના સરપંચ તથા ગ્રામજનો તરફથી કરવામાં આવેલ પ્રશ્નોની રજૂઆત સાંભળવામાં આવી અને સંબંધિત સમસ્યાઓનું ત્વરિત નિરાકરણ લાવવા અંગે ખાતરીપૂર્વક આશ્વાસન આપવામાં આવ્યું હતું.બેઠક અંતર્ગત જીલ્લા વિકાસ અધિકારી, જીલ્લા પુરવઠા અધિકારી, પોલીસ ઈન્સ્પેક્ટર નડિયાદ ગ્રામ્ય તથા અન્ય તમામ લાઈન ડિપાર્ટમેન્ટના અધિકારીઓ, ગામના આગેવાનઓ, તલાટી તથા ગ્રામજનો હાજર રહ્યા હતા.

## મહીસાગર જીલ્લાના સંતરામપુર તાલુકાના ગોઘર ગામ ખાતે કિસાન ગોષ્ઠીનો કાર્યક્રમ યોજાયો



મહીસાગર, આત્મા પ્રોજેકટના વિવિધ માધ્યમો દ્વારા ગુજરાત રાજયના ખૂણે ખૂણાઓમાં પ્રાકૃતિક ખેતીની માહિતી અને માર્ગદર્શન આપવામાં આવે છે. જેનો મુખ્ય ઉદ્દેશ એ છે કે, રાજયમાં ખેડૂતો ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરે અને તેમનો ખેતી ખર્ચ બચાવે તેમજ જમીનની ફળદ્રુપતા તેમજ સમગ્ર જીવસૃષ્ટિની આરોગ્ય જળવાઈ રહે અને પર્યાવરણમાં પણ સંતુલન બની રહે તે માટે રાજયપાલ આચાર્ય દેવવ્રત દ્વારા આ પ્રયત્નો આત્મા પ્રોજેકટ થકી ગુજરાત રાજયમાં કરવામાં આવે છે.

જેના ભાગરૂપે આજે મહીસાગર જીલ્લાના સંતરામપુર તાલુકામાં કિસાન ગોષ્ઠીનો કાર્યક્રમ ગોઘર ગામ મુકામે યોજવામાં આવ્યો હતો આ કાર્યક્રમનો મુખ્ય હેતુ પ્રાકૃતિક ખેતીના પ્રચાર પ્રસાર અંગે કરવામાં આવ્યો. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ખેડૂત બહેનો તેમજ ભાઈઓ ઉપસ્થિત રહ્યા હતા.

આત્મા પ્રોજેકટના ડેપ્યુટી પ્રોજેકટ ડાયરેકટરએ પ્રાકૃતિક ખેતીની આપણે કેમ જરૂર પડી અને તેનાથી કયા ફાયદા થાય તે બાબતે માર્ગદર્શન આપ્યું હતું. વધુમાં આ ખરીફ ઋતુમાં વધુમાં વધુ હલકા ધન્ય જેવા કે બંટી , બાવટો, કાંગ અને કોદો મીલીટ જેવા પાકોનું વાવેતર વધે તે માટે પણ જણાવ્યું હતું .

આત્મા પ્રોજેકટના સંતરામપુર તાલુકાના બ્લોક ટેકનોલોજી મેનેજરએ જણાવ્યું હતું કે, પ્રાકૃતિક ખેતીમાં બીજા અમૃત ઘનજીવામૃત જીવા મૃત, આચ્છાદન અને વપ્સા, કેવી રીતના મહત્વનો ભાગ ભજવે છે. તે બાબતે ખૂબ ઊંડાણપૂર્વક ખેડૂતો સાથે ચર્ચા કરી હતી. તેમજ તેમણે પ્રાકૃતિક ખેતીમાં માત્ર આ જ આયામો થકી આપણે સૌથી વધુ ઉપજ લઈ શકીએ છીએ અને રોગમુકત સમાજનો ઉદય પણ તેના દ્વારા જ થશે એમ જણાવ્યું હતું.

મહિલા પ્રગતિશીલ ખેડૂત દરિયા બહેને પણ મહિલા ખેડૂતો સૌથી વધારે પ્રાકૃતિક ખેતી કરે અને એક સ્વસ્થ સમાજનો નિર્માણ કરે તે બાબતે જણાવ્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં આત્મા પ્રોજેકટના આત્મા આસિસ્ટન્ટ ટેકનોલોજી મેનેજર દિનેશ ભાઈએ કાર્યક્રમમાં સંચાલન કર્યું હતું અને મોટી સંખ્યામાં ખેડૂતોએ લાભ લીધો હતો અને લાઈવ ડેમો સ્ટેશન જીવામૃતનું નિહાળ્યું હતું.

# ખેડૂતના પાક્કા મિત્ર અળસિયા પ્રાકૃતિક કૃષિમાં અળસિયાનું યોગદાન



નડિયાદ, ખેત પેદાશોમાં વધુ પડતા રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાના ઉપયોગના કારણે ગુજરાત સહિત સમગ્ર વિશ્વમાં પ્રકૃતિ, પર્યાવરણ અને માનવ સ્વાસ્થ્ય ઉપર ગંભીર અસરો જોવા મળી છે. વિશ્વ સામે જળ-વાયુ પરિવર્તનની મોટી સમસ્યા પેદા થઈ છે. પર્યાવરણ પર વિપરીત પરિસ્થિતિને કારણે જીવસૃષ્ટિ પર તેના ખરાબ પરિણામો જોવા મળ્યા છે.

રાજયપાલ આચાર્ય દેવવ્રતની સીધી દેખરેખ અને માર્ગદર્શનમાં પ્રાકૃતિક કૃષિને જન આંદોલન બનાવવા સમગ્ર ગુજરાતના ખેડૂતો પ્રાકૃતિક કૃષિ કરતા થયા છે. પ્રાકૃતિક કૃષિમાં દેશી ગાય, તેનું છાણ, ગૌમુત્ર અને અળસિયા પાયાની બાબતો છે.

પ્રાકૃતિક કૃષિમાં જમીનની માવજત ખૂબ જ અગત્યની બાબત છે. જમીન જેટલી સારી અને સ્વસ્થ એટલું જ પાક ઉત્પાદન સારૂં થાય. રાજયપાલ આચાર્ય દેવવ્રતે તેમની પ્રાકૃતિક કૃષિ પુસ્તકમાં અળસિયાને મિત્ર કિટક કહ્યા છે. કારણ કે ખેતીમાં અળસિયા ખેડૂતને એક મિત્રની માફક વધુ અને આરોગ્યપ્રદ ઉત્પાદન મેળવવામાં મદદરૂપ થાય છે.

એક જમાનામાં વરસાદ આવતો કે તરત જ જમીનના પોલાણમાંથી કોઈ ડોકીયા કરતું બહાર આવતું, તે અળસિયા હતા. બાળપણમાં પાણીમાં અળસિયા સાથે રમવાની મજા જ કઈંક અલગ હતી. આજે રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓના બેફામ ઉપયોગથી અળસિયા જમીનની ૨૦ ફુટ નીચે ઉતરી ગયા છે. ગાયનું છાણ અળસિયાની જીવાદોરી છે. ડો. સુભાષ પાલેકરે સંશોધન કર્યુ છે કે એક એકર જમીનમાં અંદાજીત ૭ લાખ અળસિયા કામ કરે છે.

અળસિયા જમીનમાં સતત કાર્યશીલ રહીને જમીનને છિદ્રાળુ કરે છે. જેનાથી જમીનમાં ઓક્સિજનની માત્રા વધે છે તથા વરસાદનું પાણી સરળતાથી જમીનની અંદર ઉતરીને જળસ્તર ઉંચુ લાવે છે. અળસિયા જમીનમાં પાણીના ભરાવાને અટકાવે છે. અળસિયાને પોતાનો ખોરાક શોધવાનો હોવાથી તેમજ પ્રજનન માટે જમીનમાં સતત હલનચલન કરતા જ રહે છે.

એક અળસિયુ દિવસમાં ૮ થી ૧૦ વખત જમીનની ઉપર આવે છે. આમ દિવસ દરમિયાન જમીનમાં ૧૬થી ૨૦ કાણા પડે છે. જેથી જમીનનું ઉપરનું પડ કુદરતી રીતે ખેડાઈને છિદ્રાળુ બને છે. પરિણામે જમીનમાં હવાની અવરજવર વધે છે. જેથી જમીનની ભેજધારણ કરવાની શકિત વધે છે. કારણ કે સેન્દ્રિય પ્રદાર્થ બધી માટીમાં સરખા પ્રમાણમાં ભળી જાય છે.

દેશી અળસિયા દેશી ગાયના છાણ અને ગૌમૂત્રમાં અસાધારણ વૃદ્ધિ કરે છે. દેશી ગાયના છાણ અને ગૌમૂત્રમાં એવા ગુણો અને સુગંધ હોય છે જે આ અળસિયાઓને આપમેળે આકર્ષિત કરે છે અને તેમની સંખ્યામાં ચમત્કારિક વૃદ્ધિ થાય છે.સામાન્ય રીતે અળસિયાના શરીરનો આગળનો છેડો અણીદાર અને પાછળનો છેડો બુઠ્ઠો હોય છે. અળસિયાને હાડકા, પગ, આંખ કે કાન હોતા નથી. અળસિયાના જીવનક્રમમાં ઈંડા, અવસ્થા, બાલ્યાવસ્થા અને પુખ્ત અવસ્થા હોય છે. તેને ઠંડક વધારે પસંદ હોય છાંયડામાં જયાં ભેજ હોય ત્યાં અળસિયાની હાજરી જોવા મળે છે. આમ આ રીતે અળસિયા ખેડૂતોનાં સાચા મિત્ર બનીને મદદ કરે છે.

## બરોડા ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થાન મહીસાગર દ્વારા બ્યુટીપાર્લર મેનેજમેન્ટની તાલીમનો સમાપન સમારોહ યોજાયો



મહીસાગર, બેંક ઓફ બરોડા દ્વારા પ્રાયોજીત ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થાન, (આર -સેટી ) મહીસાગર દ્વારા આજરોજ બ્યુટીપાર્લરની ૩૦ દિવસીય તાલીમ નો છેલ્લો દિવસ હતો તેમાં બહેનોએ સફળતા પૂર્વક પરીક્ષા આપી હતી.

ત્યારબાદ સંસ્થાના ડાયરેકટ વિશાલ અગ્રવાલ દ્વારા સર્ટિફિકેટ વિતરણ કરી આત્મનિર્ભર થવા માટે પ્રોત્સાહન પૂરૂં પાડ્યુ હતું અને ટૂંક સમયમાં શરૂ થનાર તાલીમો, જેમકે ફોટોગ્રાફી, વિડિયોગ્રાફી, કોમ્પ્યુટર રાઈડ્સ એકાઉન્ટિંગ, મોબાઈલ રીપેરીંગ જેવી તાલીમો વિશે માહિતી આપી અને બહેનો પોતાનો ધંધો ચાલુ કરી સારી આવક મેળવે એવી શુભેચ્છાઓ સાથે વિદાય કરી હતી.

# ગ્રો મોર ફ્રુટ અભિયાન હેઠળ મહીસાગર જીલ્લાના ખેડૂતો માટે આઈ ખેડૂત પોર્ટલ ખુલ્લું મુકવામાં આવ્યું

મહીસાગર, રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ માટે ગ્રો મોર ફ્રુટ ક્રોપ અભિયાન અંતર્ગત ખેડૂતો વધુમાં વધુ ફળપાકોનું વાવેતર કરે તે આશયથી પપૈયા, ઘનિષ્ઠ ખેતીથી વાવેલ ફળપાકો, નાળિયેરી વાવેતર વિસ્તાર સહાય, ટીસ્યુકલ્ચર ખારેક, ફળપાક પ્લાન્ટીંગ મટેરીયલ્સમાં સહાય, કોમ્પ્રિહન્સીવ હોર્ટીકલ્ચર ડેવલોપમેન્ટ કાર્યક્રમ, આંબા તથા જામફળ ફળપાક ઉત્પાદકતા વધારવા, કમલમ ફળના વાવેતર માટે સહાય, વધુ ખેતી ખર્ચ સિવાયના ફળપાકો, સરગવાની ખેતીમાં સહાય જેવી યોજનાઓ માટે આઈ-ખેડુત પોર્ટલ તા.૧૬/૦૭/૨૦૨૪ થી તા.૧૫/૦૮/૨૦૨૪ સુધી ખુલ્લુ મુકવામાં આવેલ છે.

જેથી મહીસાગર જીલ્લાના ખેડૂતો બાગાયત ખાતાની સહાયલક્ષી યોજનાઓનો લાભ મેળવવા માટે આઈ-ખેડૂત પોર્ટલ પર ઓનલાઈન અરજી કરી,અરજી કર્યા બાદ અરજીની પ્રિંટ સાથે જરૂરી સાધનિક કાગળ જોડી નાયબ બગાયત નિયામકની કચેરી, સરદાર પટેલ સ્કુલની બાજુમાં ચાર કોશીયાનાકા, મોડાસા રોડ, લુણાવાડા, મહીસાગર ખાતે રૂબરૂ અથવા ટપાલ મારફત દિન-૭ માં મોકલી આપવા જણાવવામાં આવે છે.



રાજપુરી દરવાજા પાસે મુખ્ય સ્ટ્રીટ લાઈટો બંધ હોવાથી રાત્રીના સમયે રાહદારીઓએ મુશ્કેલીનો સામનો કરવાનો વારો આવ્યો છે. ત્યારે નગરપાલિકા દ્વારા ફક્ત વેરો પઠાણી ઉઘરાણીથી વસુલ કરવામાં આવતો હોય છે. ત્યારે પ્રજાને પડતી હાલાકી ક્યારે દેખાશે તે પણ એક મોટો સવાલ છે.



સી.એન્ડ એસ.એચ દેસાઈ આર્ટસ એન્ડ એલ.કે.એલ.દોશી કોમર્સ કોલેજ બાલાસિનોરમાં ગજજયુનિટના ઉપક્રમે કોલેજમાં એક વૃક્ષ માતાના નામે કાર્યક્રમ અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ અંતર્ગત કોલેજના આચાર્યશ્રી પ્રિ.ડો.ડી.પી.માછી, પ્રોગ્રામ ઓફિસર ડો.દિલીપકુમાર ઓડ અને પ્રા. સેજલ ગામિત, શૈક્ષણિક સ્ટાફ તથા બિન શૈક્ષણિક સ્ટાફ તેમજ ગજજસ્વયમ સેવકો દ્વારા કોલેજના કેમ્પસમાં વૃક્ષોની રોપણી કરવામાં આવી હતી. કોલેજના આચાર્ય એ વૃક્ષોનું આગવું મહત્વ વિદ્યાર્થીઓને સમજાવ્યું હતું.



તા.૧૯.૭.૨૦૨૪ નારોજ જીલ્લા ક્ષય અને HIV. અધિકારી આર.ડી.પહાડીયાના માર્ગદર્શન હેઠળ વર્લ્ડ હિપેટાઈટીસ દિવસની ઉજવણીના ભાગરૂપે હેલ્થ ફાઉન્ડેશન રિસર્ચ સેન્ટર દ્વારા કદવાલ (આંગણવાડી ખાતે) નોન કેચમેન્ટ એરિયા ખાતે હેલ્થ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રોજેક્ટ મેનેજર કાઉન્સેલર આઉટરીચ વર્કર -ઝાલોદ ICTC કાઉન્સિલર ઝાલોદ STI કાઉન્સેલર અને ઝાલોદના LT હાજર રહ્યાં હતા. પ્રોજેક્ટ મેન્જર STI-ICTC કાઉન્સેલર દ્વારા HIV, TB, હિપેટાઈટિસ, સિફિલિસ વિશે માહીતી આપવામાં આવી અને લાભાર્થીઓની આરોગ્યલક્ષી તપાસ જેવી કે HIV, VDRL હિપેટાઈટિસ,વગેરે માટે સેમ્પલ લેવામાં આવ્યા હતા. જેમાં ૬૫ લોકોના HIV/VDRL/HBSAg-B/C ના ટેસ્ટિંગ કરવામાં આવ્યા હતા.

## આપની આજ.......

મેષ: આજનો દિવસ તમારા માટે સુખદ રહેશે કેમ કે આજે તમે વિચારેલા કાર્ય પૂર્ણ થઈ શકે છે. નોકરીમાં ઉચ્ચ પદની પ્રાપ્તિની સંભાવના રહેલી છે. ગ્રહોમાં ફેરફારના કારણે સ્વભાવમાં થોડું ચિડિયાપણું આવી શકે છે.

વૃષભ: આજનો દિવસ તમારા માટે થોડો વ્યસ્ત રહેશે. પરંતુ સારા પરિણામ મળવાથી થાકનો અનુભવ નહીં થાય. સંતાન સુખમાં વૃદ્ધિ થશે અને ક્યાંકથી વસ્ત્રાદીની ભેટ મળશે.

મિથુન: આજનો તમારો દિવસ મિશ્ર ફળદાયક છે. પ્રત્યેક મામલામાં મિશ્ર પરિણામો મળશે. ધર્મ-કર્મ પ્રત્યે આસ્થા વધશે. સંપત્તિના સુધાર તથા સારસંભાળમાં ખર્ચ વધશે.

કર્ક: આજે ગ્રહોની દશા તમારા દિવસને અનુકૂળ બનાવી રહી છે. સુખ-સંપત્તિમાં વિસ્તાર થશે. પરિવારમાં સુખ-શાંતિનું વાતાવરણ રહેશે. કોઈ વડીલ તરફથી આશિર્વાદમાં ધનની પ્રાપ્તિ થઈ શકે છે.

સિંહ: આજ કાર્યક્ષેત્રમાં વધારાની જવાબદારી અને ધાર્મિક કાર્યોમાં વ્યસ્તતા વધશે. સંપત્તિનો વિસ્તાર થશે અને આવકમાં વૃદ્ધિ થશે. ક્રોધથી બચો, ક્યાંક જીવનસાથી સાથે વૈચારિક મતભેદો ઊભા ન થાય.

કન્યા: આજનો દિવસ તમારા કાર્યક્ષેત્રમાં મુશ્કેલી ભરેલો હોઈ શકે છે. કોઈ ગેરસમજના કારણે ઓફિસમાં સહયોગીઓ સાથે વિવાદ થઈ શકે છે. કાર્યક્ષેત્રમાં મુશ્કેલી અને મહેનત વધારે રહેશે.

તુલા: ગ્રહોની સ્થિતિથી ખ્યાલ આવી રહ્યો છે કે આજનો દિવસ કાર્યક્ષેત્રમાં ઘણો વ્યસ્તતા ભરેલો રહેશે. આવકમાં વૃદ્ધી થશે. બૌદ્ધિક કાર્યો તથા લેખન વગેરેથી પણ આવક થશે.

વૃશ્ચિક: આજનો દિવસ તમારા માટે ઘણો કઠીન રહેશે. પ્રત્યેક કામમાં પડકારો અને અડચણો આવી શકે છે. અકસ્માતે બિનજરૂરી ખર્ચ વધી શકે છે. જો તમે નોકરીમાં છો તો અધિકારીઓનો સહયોગ મળશે.

ધન: આજે ગ્રહો જણાવી રહ્યા છે કે આજે તમારા ઘરમાં કોઈ શુભ કાર્યના આયોજનથી મનમાં પ્રસન્નતા અને વ્યસ્તતા રહેશે. ખાસ મિત્રોના સહયોગથી વ્યવસાયના નવા સ્ત્રોત બનશે.

મકર: આજે તમારા ભાગ્યનો ઉદય, ધન, ક્રમ, કીર્તિની વૃદ્ધિ, શત્રુ ચિંતાઓનું દમન થશે. સર્વત્ર વિજય, સફળતાની પ્રાપ્તિ, હર્ષ મંગળમય પરિવર્તન અને મનોરથ સિદ્ધ થવાથી પ્રસન્નતા રહેશે.

કુંભ: આજનો દિવસ તમારા માટે દૈવી કૃપાવાળો બની શકે છે. માતાનું સાનિધ્ય અને આશિર્વાદ ખાસ રીતે ફળદાયી રહેશે. ઘણા સમયથી રોકાયેલું ધન કોઈ મહાપુરૂષના સહયોગથી પ્રાપ્ત થઈ જશે.

મીન: આજનો દિવસ શુભ રહેશે. નોકરીમાં ઉચ્ચ પદની પ્રાપ્તિનો યોગ બની શકે છે. સંતાન તરફથી સુખદ સમાચાર મળશે. રહેણી-કરણી અને ખાન-પાનનું સ્તર વધશે. નવા સુંદર વસ્ત્રો પ્રત્યેત તમારું ખેંચાણ વધશે.

# દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર


## દાહોદ પાલિકાના સફાઈ કર્મચારીઓ પડતર માંગણીને લઈ હડતાળ ઉપર ઉતર્યા



દાહોદ,

દાહોદ શહેરમાં નગરપાલિકા હસ્તકના સફાઈ કર્મચારીઓએ પોતાની વિવિધ ૧૪ માંગણીઓના નિરાકરણ માટે દાહોદના મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યાં બાદ પણ તેઓના પડતર પ્રશ્નોનું નિરાકરણ ન કરવામાં આવતાં આજરોજ સફાઈ કર્મચારીઓ દ્વારા દાહોદ શહેરમાં રેલી કાઢી પોતાના કામકાજથી અળગા રહી અચોક્કસ મુદતની હડતાળ ઉપર ઉતરી ગયાં હોવાનું જાણવા મળે છે.


અખિલ ભારતીય શ્રમિક સંઘ દ્વારા થોડા દિવસો પહેલા દાહોદના મામલતદારને આપવામાં આવેલ આવેદનપત્રમાં જણાવ્યાં અનુસાર, પોતાની વિવિધ ૧૪ માંગણીઓ જેમાં સફાઈ કર્મચારીઓને ગ્રેજયુએટીના નાણાં ટુંક સમયમાં ચુકવવામાં આવે, ખાલી પડેલ જગ્યામાં ભરતી પ્રક્રિયા શરૂ કરવામાં આવે, પગાર સંબંધિત કાર્યવાહી ઝડપી કરવામાં આવે, લઘુત્તમ વેતન ચુકવવામાં આવે, ૭માં પગાર પંચનો લાભ આપવામાં આવે, આકસ્મીક વિમો ચુકવવામાં આવે, સફાઈ કર્મચારીઓને ગણવેશ આપવામાં આવે, સફાઈ કર્મચારીઓને સફાઈમાં વપરાતા સાધનો પુરા પાડવામાં આવે, ઈપીએફ મામલે સત્વરે કાર્યવાહી કરવામાં આવે, દર મહિને નિયમીત પગાર ચુકવવામાં આવે, સફાઈ કર્મચારીઓને કવાટર્સ ફાળવવામાં આવે, સુખદેવ કાકા કોલોની પાછળ આવેલ ગટરો નવીન બનાવવામાં આવે અને સ્વ. સબુરભાઈ કડવાભાઈ પરમારની વિધવાને પેન્શન નીયમ મુજબ ચુકવવામાં આવે જેવી માંગણી સાથે મામલતદારને આવેદનપત્ર આપી જો સત્વરે અને તાત્કાલિક ધોરણ ઉપરોક્ત સમસ્યાઓનું નિરાકરણ કરવામાં આવે તેવી માંગણી સાથે જો પોતાની માંગણીઓને ધ્યાનમાં લેવામાં નહીં આવે તો અચોક્કસ મુદતની હડતાળ ઉપર ઉતરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી હતી ત્યારે આજરોજ સફાઈ કર્મચારીઓ દ્વારા પોતાના કામકાજથી અળગા રહી અચોક્કસ મુદતની હડતાળ ઉપર ઉતરી ગયાં હતાં. અને શહેરમાં રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલી શહેરના વિવિધ માર્ગો પર ફરી દાહોદ નગરપાલિકા ચોક ખાતે પહોંચી હતી.

## દાહોદમાં ચાંદીપુરા વાયરસનો પગપેસારો, આરોગ્ય વિભાગ હરકતમાં,બે બાળકોના મોતથી ખળભડાટ.

દાહોદ

સમગ્ર ગુજરાતમાં હાહાકાર મચાવનાર ચાંદીપુરા વાયરસે હવે દાહોદ જિલ્લામાં પગ પેસારા કર્યો હોય તેમ બે જુદાજુદા કેસોમાં ચાંદીપુરા વાયરસથી સંક્રમિત બે બાળકોના મોત નીપજયા હોવાનું સુત્રો દ્વારા જાણવા મળી રહ્યું છે.છેલ્લા અઠવાડીયાથી ગુજરાતમાં ચાંદીપુરા વાઈરસ હાહાકાર મચાવી રહ્યો છે. હાલ ગ્રામ્ય વિસ્તારોની સાથે સાથે વાઈરસ હવે અમદાવાદ જેવા મેટ્રો શહેરમાં પણ બેકાબૂ બનવાની તૈયારી કરી રહ્યો છે.રાજ્યમાં ચાંદીપુરાના કુલ કેસ ૩૫ અને મૃત્યુઆંક વધીને ૨૧ થયો છે.અત્યારસુધી આ વાઈરસની અસર ગ્રામીણ વિસ્તારમાં જોવા મળતી હતી, સાથે સાથે પંચમહાલ વડોદરા જેવા વિસ્તારોમાં પણ ચાંદીપુરાના કેસોના પગલે આરોગ્ય તંત્ર દોડતું થયું છે ત્યારે આ વાયરસ છે દાહોદ જિલ્લામાં પગ પસારો કર્યો હોવાનું સામે આવ્યું છે જેમાં બે દિવસમાં ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ કેશોમાં બે બાળકોના મોત નીપજ્યા હોવાનું સરકારી સુત્રો દ્વારા જાણવા મળ્યું છે.ગુજરાતમાં વર્ષ ૨૦૧૦માં પણ ચાંદીપુરા ૧૭ બાળકને ભરખી ગયો હતો. આ સમયે રાજ્યમાં નરેન્દ્ર મોદીની સરકાર હતી અને આરોગ્ય મંત્રી હતા જયનારાયણ વ્યાસ. ચાંદીપુરા વાઈરસ મામલે દિવ્ય ભાસ્કરે આરોગ્યમંત્રી તરીકે લેપ્ટોસ્પાઈરોસિસ અને ચાંદીપુરા જેવા બે–બે વાઈરસને કંટ્રોલમાં કરવાનો અનુભવ ધરાવતા જયનારાયણ વ્યાસ સાથે વાતચીત કરી હતી. પૂર્વ આરોગ્યમંત્રીની સાથે વાત કરતા પહેલા દિવ્ય ભાસ્કરે આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલનો પણ સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ તેઓ વ્યસ્ત હોવાથી તેમની સાથે વાતચીત થઈ શકી નહોતી. મરણ પામેલા બંને બાળકો પૈકી દેવગઢ બારિયામાં ત્રણ માસનો હર્ષદ સી બારીઆ નામક બાળકને ચાંદીપુરા શંકાસ્પદ લક્ષણો જણાતા તેને વડોદરા ખાતે એસએસજી હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યો હતો.જ્યાં તપાસ દરમિયાન ચાંદીપુરા વાયરસ પોઝિટિવ આવ્યા બાદ પાંચ દિવસની ટૂંકી સારવાર દરમિયાન આ બાળકનું મોત નિપજ્યું છે. ત્યારે બીજા બનાવમાં લીમખેડા તાલુકાના સાસ્ટા ગામનો પાંચ વર્ષિય બાળક સુરેન્દ્રનગર તેના માતા પિતા સાથે મજૂરી અર્થે ગયેલો હતો. જા તેને પણ શંકાસ્પદ લક્ષણો જણાતા અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ભરતી કરવામાં આવ્યો હતો. તેનું પણ ટૂંકી સારવાર દરમિયાન ગઈકાલે મોત નીપજયા હોવાનું સામે આવ્યું છે ત્યારે હાલ ચાંદીપુરા વાયરસથી નિપટવા માટે ગઈકાલે કલેકટર યોગેશ નિર્ગુડીની અધ્યક્ષતામાં આરોગ્ય વિભાગ સહિત સંબંધિત વિભાગોની ટીમ સાથે મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. સાથે સાથે આજે પ્રાંત અધિકારી એન બી રાજપુતની અધ્યક્ષતામાં પણ ચાંદીપુરા શંકાસ્પદ કેશોમાં તંત્ર દ્વારા શું કામગીરી કરવી જોઈએ કેવા પ્રકારના પગલાં લેવા જોઈએ.? આ તમામ બાબતોને લઈ એક મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. હાલ આરોગ્ય વિભાગ દ્વારા જિલ્લાના તમામ તાલુકા મથક પર સર્વલેન્સ ટીમ દ્વારા મોનીટરીગ કરવામાં આવી રહ્યું છે. ત્યારે દાહોદ વાસીઓએ પણ સરકાર દ્વારા જાહેર કરાયેલી ગાઈડ લાઈનનું પાલન કરી આવા કેસોમાં સત્વરે તંત્રને જાણ કરવા અનુરોધ કરવામાં આવી

## ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા લીમખેડા સર્કિટ હાઉસ ખાતે આપ પાર્ટીના કાર્યકરો સાથે બેઠક યોજી



દાહોદ,

ગુજરાત પ્રદેશ આમ આદમી પાર્ટીના કાર્યકારી અધ્યક્ષ અને ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા આજે દાહોદ જીલ્લાની મુલાકાતે આવી પહોંચ્યા હતા. જ્યાં તેમણે લીમખેડા સર્કિટ હાઉસ ખાતે દાહોદ જીલ્લા આમ આદમી પાર્ટીના સંગઠનના નેતાઓ સાથે બેઠક કરીને આવનારી તાલુકા પંચાયત, જીલ્લા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણીઓમાં આમ આદમી પાર્ટી મજબૂતાઈથી ચૂંટણી લડે તે માટે આપના કાર્યકર્તાઓને માર્ગદર્શન આપ્યુ હતુ, અને સંગઠનને વધુ મજબુત બનાવવા માટે કાર્યકર્તાઓ સાથે ચર્ચા વિચારણા કરી હતી. આ બેઠકમાં દાહોદ જીલ્લામાં મનરેગા યોજના, નકલી એનએ પ્રકરણ તેમજ શિક્ષણ મામલે ચૈતર વસાવા દ્વારા આકરા પ્રહારો પણ કરવામાં આવ્યાં હતાં. દાહોદ જીલ્લાના લીમખેડા ખાતે ડેડિયાપાડા વિધાનસભા બેઠકના આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાએ લીમખેડા સરકીટ હાઉસ ખાતે આપના કાર્યકર્તાઓ અને જીલ્લાના પદાધિકારીઓ સાથે મુલાકાત કરી બેઠક યોજી હતી. જેમાં તેમણે જણાવ્યું હતું કે, દાહોદ જીલ્લામાં આવનાર સમયમાં યોજાનાર દેવગઢ બારીઆ અને ઝાલોદ નગરપાલિકાની ચુંટણી તેમજ તાલુકા પંચાયત અને જીલ્લા પંચાયતની ચુંટણીની તૈયારીઓના ભાગ રૂપે આજે દાહોદ જીલ્લાના સંગઠનના નેતાઓ અને કાર્યકર્તાઓ સાથે મુલાકાત યોજી હતી. સાથે દાહોદ જીલ્લાના વિકાસ માટે સરકાર દ્વારા ફાળવવામાં આવેલા ૭૦૦ થી ૮૦૦ કરોડ રૂપીયાના વિકાસના કામોનુ આયોજન દાહોદના ભાજપ ના નેતાઓ એ તેમને કેટલી કટકી મળશે તે પ્રમાણે આયોજન કર્યુ છે તેમ જણાવ્યું હતું. દાહોદ જીલ્લામાં મનરેગા યોજનામાં ચાલતા ભ્રષ્ટાચારને લઈને ચૈતર વસાવાએ ગંભીર આક્ષેપો કરતા જણાવ્યું હતું કે, મનરેગા યોજનામા બિનકુશળ શ્રમિકોને ૧૦૦ દિવસની રોજગારી આપવાનો હેતુ સરકારનો છે, તેમ છતા દાહોદ જીલ્લાના નેતાઓ, અધિકારીઓ અને એજન્સીઓ દ્વારા મટીરીયલ પુરૂ પાડવાના નામે દાહોદ જીલ્લા બહારની એજન્સીઓને એક પણ ગાડી રેતી કપચી નાંખ્યા વગર ૬૦૦ થી ૭૦૦ કરોડ રૂપીયા જલારામ એન્ટરપ્રાઈઝ એજન્સીને ચુકવી દેવામાં આવ્યા છે તેવા આક્ષેપો લગાવ્યા હતા. દાહોદ જીલ્લાના ગરીબ આદિવાસીઓની જમીનો દાહોદના બિલ્ડરો દ્વારા બારોબાર એન.એ. કરી, ભાડા કરારો કરી રેસિડેન્શિયલ અને કોમર્શિયલ બિલ્ડીંગો બનાવી દેવામાં આવી છે, તે બાબતે દાહોદ કલેક્ટરને પત્ર લખી યોગ્ય તપાસની માંગણી કરવામાં આવશે તેમ જણાવ્યું હતું. રાજ્ય સરકાર દ્વારા દાહોદની જનતાના વિકાસ માટે કરોડો રૂપિયાનું બજેટ ફાળવવામાં આવે છે, પરંતુ દાહોદ નગરપાલિકાના હાલના પ્રમુખ અને પૂર્વ પ્રમુખ વચ્ચે છેલ્લા કેટલાક સમયથી કટરાગ ચાલી રહ્યું છે. ત્યારે આ બાબતે ચેતર વસાવા એ જણાવ્યું હતું કે, દાહોદ નગરપાલિકાના પ્રમુખ અને પૂર્વ પ્રમુખ ને શહેરના વિકાસમાં કોઈ રસ નથી. તેઓ માત્ર સરકાર દ્વારા ફાળવવામાં આવતી ગ્રાન્ટના નાણાંની ભાગ બટાઈ માટે ખેંચતાણ કરી રહ્યા છે. દાહોદના શહેરીજનો હાલમાં રસ્તાઓ, પીવાના પાણીની તેમજ ગટરની સમસ્યાથી પીડાઈ રહી છે. ત્યારે આ તમામ મુદ્દાઓને લઈને આમ આદમી પાર્ટી જરૂર જણાય તો પ્રજાનો અવાજ બનીને મેદાનમાં ઉતરશે તેમ જણાવ્યું હતું. દાહોદ જીલ્લાના પ્રવાસે આવેલા ચૈતર વસાવાએ આદિવાસી વિસ્તારમાં ચાલતી એકલવ્ય મૉડેલ શાળામાં સરકાર દ્વારા ભરતી કરવામાં આવેલા અન્ય રાજ્યોના હિન્દી ભાષી શિક્ષકોની ભરતી અંગે પણ સરકારની કામગીરી સામે સવાલો ઉઠાવ્યા હતા અને ગુજરાતમાં ચાલતી આદિવાસી બાળકો માટેની એકલવ્ય મૉડેલ સ્કૂલોમાં સ્થાનિક શિક્ષકોની ભરતી કરવાની માંગ કરી હતી. એકલવ્ય મૉડેલ શાળામાં શિક્ષકો તેમજ વહીવટી સ્ટાફની ભરતી કરી છે, તેઓને ગુજરાતી વાંચતા લખતા, બોલતા આવડતુ નથી, સાથે ગુજરાતી ભાષા સમજતા પણ નથી. જેથી ગુજરાતી મિડીયમની આ શાળામાં હિન્દી ભાષી રાજ્યના શિક્ષકો અમારા બાળકોને કઈ રીતે ગુજરાતી ભણાવશે તેવા સવાલો ઉભા કર્યા હતા અને ગુજરાત સરકારે આ મામલે ગંભીરતાથી વિચારવું જોઈએ તેમ જણાવ્યું હતું.

## દાહોદમાં ૯ જેટલા ઈસમોએ સોશ્યલ મીડીયા દ્વારા હોટલ ઓનલાઈન રીવ્યુ આપી કમાણીની લાલચમાં ૨૨.૧૯ લાખ રૂા. ટ્રાન્સફર કરાવી છેતરપિંડી કરી

દાહોદ,

દાહોદ શહેરમાં ૯ જેટલા અજાણ્યા ફ્રોડ ઈસમોએ એક ૩૦ વર્ષિય યુવકને સોશીયલ મીડીયાના માધ્યમથી હોટલના ઓનલાઈન રિવ્યુ આપી કમાણીની લાલચ આપી યુવકને વિશ્વાસમાં લીધા બાદ ક્રિપ્ટો કરન્સીના રોકાણ પર ઉંચા વ્યાજની ખોટી લાલચ આપી યુવક પાસેથી ઓનલાઈન ટ્રાન્જેકશન મારફતે કુલ રૂા.૨૨,૧૯,૧૮૮ અલગ અલગ બેન્ક એકાઉન્ટોમાં ટ્રાન્ફર કરાવી વિશ્વાસઘાત છેતરપીંડી કરતાં દાહોદ શહેરમાં આ બનાવને પગલે સ્તબ્ધતા સાથે ચકચાર વ્યાપી જવા પામી છે.

લોભીયા હોય ત્યાં ધુતારા ભુખે ન મરે.. જેવી કહેવત દાહોદ શહેરમાં સાચી પડી છે. સરકાર દ્વારા સાયબર ક્રાઈમનો કોઈ વ્યક્તિ શિકાર ન બને તે માટે અવાર નવાર જાહેરાતો કરી લોકોને ફ્રોડથી બચવા માટે અપીલ કરતી હોય છે પરંતુ ઘણા લોકો ટુંકાગાળામાં વધુ નાણાં કમાવવાની નિતી રિતી અપવાની ફ્રોડ કરતાં ઈસમોની ચંગુલમાં આવી જઈ પોતાની કમાણીના હજ્જારો, લાખ્ખો તેમજ કરોડો રૂપીયા ગુમાવી દેતાં હોય છે. આવોજ એક કિસ્સો દાહોદ શહેરમાં બનવા પામ્યો છે. જેમાં દાહોદ શહેરના ગોદી રોડ ખાતે કે.જી. કોમ્પલેક્ષ ઈજજી મોહલ્લા ખાતે રહેતાં ૩૦ વર્ષિય જુઝેરભાઈ નુરાનીભાઈ મલેકને ગત તા.૧૩.૦૫.૨૦૨૪ થી તારીખ ૧૫.૦૫.૨૦૨૪ના સમયગાળા દરમ્યાન ૦૯ જેટલા અલગ અલગ ફ્રોડ ઈસમોએ સોશીયલ મીડીયાના વોટ્સ એપ માધ્યમથી હોટલના ઓનલાઈન રિવ્યુ આપ્યાં હતાં. જેમાં કમાણીની લાલચ આપી હતી જુઝેરભાઈને વિશ્વાસમાં લઈ ટેલીગ્રામ પર વેબસાઈટ ફેક વેબ પેજ બનાવી ક્રિપ્ટો કરન્સીના રોકાણ પર ઉંચા વળતરની ખોટી લાલચ આપી વિશ્વાસમાં લઈ ૦૯ જેટલા ફ્રોડ ઈસમોએ પોતાના વોટ્સ માધ્યમથી અલગ અલગ બેન્ક એકાઉન્ટ નંબર તેમજ આઈએફસી કોડ આપી તેમાં અલગ અલગ સમયગાળા દરમ્યાન કુલ રૂા.૨૨,૧૯,૧૮૮ની રકમ જુઝેરભાઈના બેન્ક ખાતા માંથી ઓનલાઈન ટ્રાન્સફર કરાવી લીધાં હતાં. સમય વિતતો ગયો અને પોતાનું કામ ન થતાં જુઝેરભાઈ પોતે છેતરાયા હોવાનું માલુમ પડતાં આ અંગેની જાણ જુઝેરભાઈએ પોતાના સગા,સંબંધીઓને કરતાં તમામમાં આશ્ચર્ય સાથે ચકચાર મચી જવા પામ્યો હતો.આ સંબંધે જુઝેરભાઈ નુરાનીભાઈ મલેક દ્વારા સાયબર ક્રાઈમ પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી તપાસનો ધમધમાટ આરંભ કર્યો છે.

## દાહોદ શહેરમાં ઓવરબ્રિજ પાસે તાજીયાના જુલુસમાં પાંચ બાળકોને કરંટ લાગ્યો જાનહાનિ ટળી

દાહોદ,

દાહોદ શહેરમાં શહેરમાં બે દિવસ પહેલા તાજીયાના જુલુસ દરમ્યાન શહેરના ઓવર બ્રિજ પરથી તાજીયાનું જુલુસ પસાર થયું હતું. જેમાં ઓવરબ્રિજના રેલીંગ પરથી નજીકમાં આવેલ વીજ થાંભળા પરનો કરંટ પસાર થતાં તાજીયાના જુલુસ દરમ્યાન પાંચ બાળકોને કરંટ લાગ્યો હતો. સદ્ધનસીબેન કોઈપણ બાળકને કોઈ જાનહાની ન થતાં સૌ કોઈએ હાશકારો અનુભવ્યો હતો. આ અંગેની જાણ સ્થાનીક એમજીવીસીએલના કર્મચારીઓને કરવામાં આવતાં યુધ્ધના ધોરણે વીજ લાઈનનું સમારકામ હાથ ધરવામાં આવ્યું હતું.તારીખ ૧૭મી જુલાઈના રોજ તાજીયાનું જુલુસ દાહોદ શહેર માંથી નીકળ્યું હતું ત્યારે શહેરના ઓવરબ્રિજ પાસેથી તાજીયાનું જુલુસ નીકળતાં જેમાં મોટી સંખ્યામાં સમાજના લોકો તાજીયાના જુલુસમાં જોડાયા હતા. જેમાં મહિલા, બાળકો, વયો વૃધ્ધથી લઈ સમાજના લોકો તાજીયાના જુલુસમાં ઓવરબ્રિજ પરથી પસાર થઈ રહ્યાં હતા. તે સમયે ઓવરબ્રિજની નજીક આવેલ વીજ થાંભલાનો કરંટ ઓવરબ્રિજની રેલીંગ સાથે અથડાતા અહીંથી પસાર થતાં પાંચ બાળકોને વીજ કરંટ લાગ્યો હતો. સદ્ધનસીબેન કોઈપણ બળકને કોઈ જાનહાની ન થતાં સૌ કોઈએ હાશકારો અનુભવ્યો હતો અને વીજ કરંટ લાગતાંની સાથે બાળકોને હેમખેમ સુરક્ષીત કરવામાં આવ્યાં હતાં. આ બનાવ અંગેની જાણ સ્થાનીક કાઉન્સીલરને કરવામાં આવતાં કાઉન્સીલર સ્થળ પર દોડી ગયાં હતાં અને તેઓ દ્વારા દાહોદ એમજીવીસીએલને જાણ કરવામાં આવતાં એમજીવીસીએલના કર્મચારીઓ પણ દોડી આવ્યાં હતાં. એમજીવીસીએલના કર્મચારીઓએ યુધ્ધના ધોરણે આ વિસ્તારના વીજ લાઈનનું સમારકામ હાથ ધરી વીજ લાઈનને રીપેરીંગ કરવામાં આવી હતી.

## ગરબાડા મામલતદાર દ્વારા ભરસડા થી ગેરકાયદેસર સફેદ પથ્થરો ભરી રહેલ ટ્રક ખાણ ખનીજ વિભાગને સોંપવામાં આવી



દાહોદ,

દાહોદ જીલ્લાના ગરબાડા ના ભરસડામાંથી ગેરકાયદેસર સફેદ પથ્થરો ભરી રહેલ ટ્રકને ઝડપી પાડી ગરબાડા મામલત દ્વારા આ ટ્રકને ખાણ ખનીજ વિભાગને સોંપવામાં આવી છે.

આમ, તો સામાન્ય રીતે ગરબાડાથી દાહોદના રોડ વચ્ચે ગેરકાયદેસર રીતે સફેદ પથ્થરો ભરીને જતી ટ્રકો રોજ જોવા મળશે. જે ટ્રકોમાં કોઈ પણ જાતની રોયલ્ટી પાસ છે કે કેમ પરમિટ છે કે કેમ તે પૂછવા વાળું પણ કોઈ નહીં હોવાનું જોવા મળી રહ્યું છે. ત્યારે આવા સમયમાં તારીખ ૧૯ ના ગરબાડા તાલુકાના ભરથડા માંથી ગેરકાયદેસર સફેદ પથ્થર ભરી રહેલ ટ્રક બાબતની ગરબાડા મામલતદાર ને જાણ થતા તેઓ દ્વારા તપાસ કરાતા ત્યાં સફેદ પથ્થરો ભરી રહેલ GJ.18 . 8284 નંબરની ટ્રક ઝડપાઈ હતી. જે ટ્રકમાં ગેરકાયદેસર પથ્થર ભરી રહેલ હોય કોઈ પાસ પરમિટ ન હોવાના કારણે ગરબાડા મામલતદાર દ્વારા આ ટ્રક ખાણ ખનીજ વિભાગને સોંપવામાં આવી છે. ઉલેખનીય છે કે, ભરસડામાં પાછલા બે ત્રણ માસથી સફેદ પથ્થરોની ચોરી કરવામાં આવી રહી છે. જે બાબતની જાગૃત નાગરિક દ્વારા ફોટા સાથે દાહોદ ખનીજ વિભાગના અધિકારીને અવારનવાર જાણ કરવામાં આવી હોવા છતાં પણ કોઈપણ જાતની કાર્યવાહી કરવામાં આવી ન હતી. ખાણ ખનીજ વિભાગના અધિકારી ધારતા તો ફોટા સાથે મોકલવામાં આવેલ વિગતમાં ગાડીના નંબરના આધારે કાર્યવાહી કરી શકતા હતા પરંતુ આવું કશું કરવામાં આવ્યું ન હતું. તેમજ જ્યાંથી આ ટ્રક પકડવામાં આવી છે. ત્યાંથી વિપુલ પ્રમાણમાં સફેદ પથ્થરોની ચોરી કરવામાં આવી છે. મળતી વિગતો અનુસાર ખાણ ખનીજ વિભાગ દાહોદ દ્વારા ગરબાડા તાલુકામાં માત્ર ચાર જગ્યા એ જ ડમ્પ પરમીટ આપવામાં આવી છે. જેમાં સીમળીયા બુઝર્ગ ગામમાં બે અને દાદુર તથા પાટિયા ગામમાં ડમ્પ પરમીટ આપવામાં આવી છે, તે સિવાય તાલુકાના દરેક ગામમાં બે નંબરમાં સફેદ પથ્થરોનું ખોદકામ કરવામાં આવી રહ્યું છે. હવે જોવું રહ્યું કે, ભરસડામાં થયેલ ખોદકામના આધારે ખનીજ વિભાગ દંડ કરે છે કે પછી ગાડીમાં ભરેલ માલના આધારે દંડ કરે છે, તે તો આવનાર સમયમાં જ ખબર પડશે. ગરબાડા તાલુકા માંથી ગેરકાયદેસર સફેદ પથ્થરો ભરીને ગોધરા મોકલવામાં આવી રહ્યા હોવાનું પણ જાણવા મળી રહ્યું છે. જે ટ્રકો ઓવરલોડ તો હોય જ છે સાથે સાથે તેમાં કોઈપણ જાતની રોયલ્ટી પાસ કે પરમિશન પણ હોતી નથી.

## દેવગઢ બારીયા તાલુકાના સેવાનીયા પ્રોપાર આંગણવાડી કેન્દ્ર ખાતે વિવિધ યોજનાઓ હેઠળ કાર્યક્રમ યોજાયા

દાહોદ,

દાહોદ જીલ્લાના દેવગઢ બારિયાના તાલુકામાં સંકલિત બાળવિકાસ યોજના અધિકારી એમીબેન જોસેફ, ગામના સરપંચ, શાળાના આચાર્ય, સુપરવાઈઝર , ગામના અન્ય આગેવાનો, ગ્રામજનો, સગર્ભા બહેનો, ધાત્રી માતાઓ, ભાઈઓ, બાળકો વગેરેનીહાજરીમાંસેવાનીયા પ્રોપાર આંગણવાડી કેન્દ્ર ખાતે વિવિધ યોજનાઓ હેઠળ કાર્યક્રમ યોજવામા આવ્યા હતા.જે અંતર્ગતબાળકોને સ્માર્ટ આંગણવાડી અંતર્ગત આવેલ કીટ વિતરણ કરવામાં આવી હતી. જેમાં બાળકોના દફતર, યુનિફોર્મ, પાણીની બોટલ, કંપાસ, ટિફિન બોક્સ, ચિત્ર પોથી વગેરેનુંપણ વિતરણ કરવામાં આવ્યું હતું. સંકલિત બાળવિકાસ યોજના અધિકારી દ્વારા વાલીઓને બાળકો રોજ આંગણવાડી પર આવે તે માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

વધુમાં વાલીઓને સમજ આપવામાં આવી હતી કે, બાળકના જન્મ બાદ માતા બે મહિના સુધી સતત મકાઈની રાબનો ખોરાક લેવાનો જે રિવાજ છે. તેનાથી માતા અને બાળકના પોષણમાં ખરાબ અસર પડે છે. ખોરાકમાં બધા જ પ્રકારના કઠોળ, દાળ, લીલા શાકભાજી, ભાત, દૂધ, દહી, ફળ વગેરેનો સમાવેશ કરવો જરૂરીછે. તે અંગેની જાણકારી ઉદાહરણો દ્વારા આપવામાં આવી હતી.ખાસ કરીને ભાઈઓને સમજાવવામાં આવ્યા કે ઘરે સગર્ભા, ધાત્રી માતા અને કિશોરીઓના પોષણ અંગે ખાસ ધ્યાન આપવું જોઈએ, આંગણવાડી માંથી દર મહિને મળતું ટેક હોમ રાશનમાં પોષક તત્વો ઉમેરેલા હોય છે, જે ઘણા ગુણકારી હોય છે. આથી દરેક બહેનો રોજ માતૃ શકિત, પૂર્ણા શકિત, બાલ શકિત માંથી નાસ્તો બનાવી તેનો રોજ ઉપયોગ કરવા અંગે પણ જાણકારી આપવામાં આવી હતી. ઉપરાંતપોષણ સુધા યોજના અંતર્ગત આંગણવાડી કેન્દ્ર પર રોજ એક સમય ભોજન આપવામાં આવે છે, તે અંગે વધુમાં વધુ લાભાર્થીઓ લાભ લે તે બાબતે પણ માહિતગાર કરવામાં આવ્યા હતા.

## સંજેલી તાલુકામાં બે પ્રેમીઓની લાશ મળી આવતા સંજેલી પંથકમાં ચકચાર

દાહોદ,

દાહોદ જીલ્લાના સંજેલી તાલુકામાં આવેલ ચમારીયા ગામે ચિબોટા નદી (રાખીયા) પુલ પાસે ઝાડીમાં એક પ્રેમી–પંખીડાઓની લાશ મળી આવતા સંજેલી પંથકમાં ચકચાર મચી જવા પામ્યો હતો. ઘટના સ્થળે દોડી ગયેલ પોલીસે બંન્ને મૃતદેહો કબજે કરી તપાસનો ધમધમાટ આરંભ કર્યાનું જાણવા મળે છે.સંજેલી તાલુકામાં આવેલ ચમારીયા ગામે સીંગવડના શાશીકપુર ગામે રહેતાં ૨૩ વર્ષિય કિંજલબેન અરવિંદભાઈ બચુભાઈ અને ૨૩ વર્ષિય ગોવિંદભાઈ પર્વતભાઈ વસુનિયાએ ચિબોટા નદીના કાંઠે બે પ્રેમીઓની લાશ અડુસાના ઝાડની ડાળી પર લટકતી હાલતમાં સાડીના છેડાઓથી બંન્ને આ પ્રેમી પંખીડાઓ ગળામાં સાડી બાંધી લટકતી હાલતમાં જોવા મળી હતી. ઘટનાને પગલે સ્થળ પર પરિવારજનો તેમજ ગ્રામજનો ઉમટી પડ્યાં હતાં. ઘટનાને પગલે પરિવારજનોમાં ગમગીની છવાઈ ગઈ હતી. આ બનાવ અંગેની જાણ સ્થાનીક પોલીસને કરવામાં આવતાં પોલીસે ઘટના સ્થળ પર પહોંચી જઈ બંન્નેના મૃતદેહનોને ઝાડ પરથી નીચે ઉતારી નજીકના દવાખાને પીએમ માટે રવાના કરી દેવામાં આવ્યાં હતાં. ઘટનાને પગલે ગ્રામજનોમાં તરેહ તરેહની ચર્ચાઓએ વચ્ચે પોલીસ દ્વારા આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દે.બારીયા નગર પાલિકા કસ્બા વિસ્તારમાં પીવાનું પાણી પ્રદુષિત અટકાવવાનું કાર્ય કરવા આવતા રાહત

દે.બારીયા,

દે.બારીયા નગર પાલિકાના પાણી પુરવઠા વિભાગનો છેલ્લા બે વર્ષથી પ્રદુષિત પાણી નળમાં પાઈપ લાઈનમાં ગટરનું ગંદુ પાણી ભળી જતું હતું. તે પ્રદુષિતનો પ્રશ્ન હલ કરાયો છે તે આવકારદાયક કાર્ય બે વર્ષ બાદ હલ કરવામાં આવ્યો છે.પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીયા શહેરના કસ્બા વિસ્તારના તાડ ફળીયામાં નલ સે જલની યોજના અંતર્ગત નવિન પાણીની પાઈપ લાઈન નાખી હતી. પરંતુ તેમાં ગટરનું ગંદુ પાણી પ્રદુષિત પાઈપ લાઈનમાં ભળી જતું હતું. તેને બે વર્ષ આ સમસ્યાની હલ કરવા માટેની માંગ હતી. નગર પાણી શાખા ઓવરસીયલ હલ કરવા માટેની માંગ હતી. નગર પાણી શાખા ઓવર સીયલ પ્રશાંત ઝાલાને આ સમસ્યા બાબતે પંચમહાલ સમાચારના પ્રતિનિધીએ રૂબરૂ મળીને રજુઆત કરી હતી. તે અંગેની ઝાલાએ સમસ્યા હલ કરવા માટે આશ્વાસન આપ્યું હતું. આ વિસ્તારની સમસ્યા છે. તેને હલ કરવામાં આવશે જેથી તા.૧૮/૦૭/૨૦૨૪ના ગુરૂવારે જયા ગટરનું પાણી પાઈપમાં ભળી જતું હતું. ત્યાં ખોદકાર્ય કરીને પ્રદુષિત પાણી નળી જતું અટકાવવામાં આવતા આ વિસ્તારની આમ જનતામાં ખુશીનો માહોલ છે. ભલે આ સમસ્યાનો બે વર્ષનો હતો. તે હવે થઈ જતા પાણીજન્ય રોગો ફેલાતા અટકાવાશે દેર આયે દુરસ્ત આયે પાણી પુરવઠા વિભાગ પાસે એક આશા છે. વોટર્સ એકઉપર ફિલ્ટર પ્લાન્ટ ચાલુ કરવામાં આવે તો પાનમ નદીના નવા નીર જે ડોળું આવે છે. તે ફિલ્ટર થઈને આવે તે અતિઉત્તમ રહે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.280

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# પંચમહાલ જીલ્લામાં ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ લક્ષણો ધરાવતા ૫ કેસ નવા નોંધાયા : ૧નું મોત થવાની જાણકારી

ગોધરા,

પંચમહાલ જીલ્લાના ગોધરા તાલુકા મોરવા(હ), ઘોઘંબા તાલુકા માંથી પાંચ શંકાસ્પદ ચાંદીપુરા વાયરસના કેસ મળી આવ્યા. આજરોજ સામે આવેલ શંકાસ્પદ પાંચ ચાંદીપુરા વાયરસના કેસમાં મોરવા(હ)ના ખાનપુર ગામે એક બાળકનું મોત થયાની જાણવા મળ્યું છે. તમામ બાળકોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. નવા શંકાસ્પદ ચાંદીપુરા વાયરસના કેસ મળતાં આરોગ્ય તંત્ર દ્વારા ચેકીંગ હાથ ધરીને દવા છંટકાવ શરૂ કરવામાં આવ્યો છે.

પંચમહાલ જીલ્લાના ગોધરા અને ઘોઘંબા તાલુકામાં શંકાસ્પદ ચાંદીપુરા વાયરસને લઈ બે બાળકીઓના મૃત્યુ થવા પામ્યું છે. શંકાસ્પદ ચાંદીપુરા વાયરસમાં બાળકોના મૃત્યુના પગલે જીલ્લા આરોગ્ય વિભાગની ટીમ દ્વારા સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યું હતું. આરોગ્ય વિભાગની તપાસ દરમિયાન કોટડા ગામેથી ૧૯ સેન્ડ ફ્રાયર માખીઓ તેમજ ઘોઘંબાના લાલપુરી ગામેથી શંકાસ્પદ ચાંદીપુરા વાયરસમાં મૃત્યુ પામેલ બાળકીના ગામ માંથી ૭૦ જેટલી ચાંદીપુરા વાયરસ વાહક સેન્ડ ફ્રાયર માખીઓ પકડીને પુના ખાતે પરીક્ષણ માટે મોકલી આપવામાં આવી હતી.

ત્યારે પંચમહાલ જીલ્લાના ગોધરા તાલુકાના નંદાપુરા અને મોટી કાંટડી ગામેથી શંકાસ્પદ ચાંદીપુરા વાયસરના લક્ષણો ધરાવતા બે બાળકોને સારવાર માટે ખસેડવામાં આવ્યા. જેમાં ગોધરાના નંદાપુરાના ૪ વર્ષીય બાળકીને ગોધરા સિવિલમાં લવાઈ હતી. ત્યાંથી વધુ સારવાર માટે વડોદરા એસ.એસ.જી.માં ખસેડવામાં આવી છે. મોરવા(હ)ના ખાબડા અને ખાનપુર ગામેથી શંકાસ્પદ ચાંદીપુરા વાયરસના લક્ષણો ધરાવતા બે બાળકો પૈકી ખાનપુર ગામના શંકાસ્પદ ચાંદીપુરા વાયરસના લક્ષણ ધરાવતા બાળકનું મોત થયાની માહિતી સામે આવી છે. જ્યારે ઘોઘંબા તાલુકાના જીંજરી ગામેથી એક શંકાસ્પદ ચાંદીપુરા વાયરસ ધરાવતા કેસ સામે આવ્યો છે. પંચમહાલ જીલ્લાના મોરવા(હ), ગોધરા તાલુકા અને ઘોઘંબા તાલુકા માંથી પાંચ જેટલા શંકાસ્પદ ચાંદીપુરા વાયરસના લક્ષણો ધરાવતા કેસ નોંધાવા પામ્યા છે. તે પૈકી મોરવા(હ)ના ખાનપુર ગામના બાળકનું શંકાસ્પદ ચાંદીપુરા વાયરસને લઈ મૃત્યુ થયાનું જાણવા મળી રહ્યું છે. ચાંદીપુરા વાયરસના કેસ જે રીતે સામે આવી રહ્યા છે. તેવા ગોધરા તાલુકા નંદાપુરા, મોટી કાંટડી, ઘોઘંબાના જીંજરી, મોરવા(હ)ના ખાબડા અને ખાનપુર ગામમાં જીલ્લા આરોગ્ય વિભાગની ટીમો પહોંચીને ચેકીંગ હાથ ધરવામાં આવ્યું છે અને દવાનો છંટકાવ શરૂ કરવામાં આવ્યો છે. હાલ પંચમહાલ જીલ્લામાં ચાંદીપુરા વાયરસનો ભોગ બાળકો બની રહ્યા છે. જેને લઈ આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે.

**મોરવા(હ) તાલુકાના ચાંદીપુરા વાયરસવાળા ગામોની ધારાસભ્ય નિમિષાબેન સુથારે મુલાકાત લીધી.**

મોરવા(હ) તાલુકાના ખાબડા અને ખાનપુર ગામ માંથી ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ લક્ષણો સાથે બે બાળકોને અસર જણાઈ હતી. બે બાળકો પૈકી ખાનપુર ગામની બાળકનું શંકાસ્પદ ચાંદીપુરા વાયરસને લઈ મોત નિપજાવા પામ્યું હોવાનું બિનસત્તાવાર જાણવા મળ્યું છે. મોરવા(હ) તાલુકામાં ચાંદીપુરા વાયરસની સ્થિતીને લઈ ધારાસભ્ય નિમિષાબેન સુથાર એ ગામોની મુલાકાત લીધી હતી અને આરોગ્ય વિભાગ દ્વારા દવાઓના છંટકાવ કરાવ્યો તેની સમીક્ષા કરાઈ હતી. ચેપગ્રસ્ત લોકોને સઘન સારવાર અપાય તે સુનિશ્ચિત કરવા માર્ગદર્શન આપ્યું હતું.

## ગોધરા શહેરના કુરબાન જાગૃત ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ડેડીયાપાડા ધારાસભ્ય ચૈતર વસાવાને આવેદનપત્ર આપીને વિવિધ સમસ્યાઓનો ઉકેલ લાવવાની માંગ કરવામાં આવી હતી



ગોધરા,

ગોધરા શહેરના કુરબાન જાગૃત ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા જીલ્લાની મુલાકાતે આવેલા દેડીયાપાડાના આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાને આવેદનપત્ર આપીને રજૂઆત કરવામાં આવી હતી. જેમાં જણાવવામાં આવ્યું હતું કે સિગ્નલ ફળીયા વિસ્તારમાં આવેલ ગરનાળામાં પાણીનો કાયમી નિકાલ કરાવવામાં આવે, ગોધરા શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલ મેસરી નદીની સાફસફાઈ, સાતપુલ બ્રીજનું રીનોવેશન કરાવવામાં આવે, તદ્દપરાંત નગરપાલિકા વિસ્તારમાં રોજગારી, ગટર પાણી, સ્ટ્રીટલાઇટ, સાફસફાઈ, આરોગ્ય, ટ્રાફિક જામની સમસ્યાઓ તેમજ ગોધરા શહેરના અમદાવાદ રોડ પર આવેલ સીમલા માર્કેટ ખાતે મેક ઇન ઇન્ડિયા સ્ટાર્ટઅપ અંતર્ગત રોજગારી આપવામાં આવે, જેવા અનેક પ્રશ્નોનો ઉકેલ લાવવાની માંગ કરવામાં આવી હતી.

# કાલોલ તાલુકામાં પામ ઓઈલને રિફાઈન્ડ કપાસિયા તેલ બતાવી કરાતુ વેચાણના કારનામાનો પર્દાફાશ કરતા જીલ્લા પુરવઠા અધિકારી



ગોધરા,

પંચમહાલ જીલ્લા પુરવઠા અધિકારી અને નાયબ કલેકટર, પંચમહાલ ગોધરા અને તેઓની જીલ્લાની ટીમ તથા મામલતદારશ્રી કાલોલ તથા તેઓની ટીમ તેમજ જીલ્લા પુરવઠા મેનેજર ગ્રેડ-૨ સંયુક્ત ટીમો દ્વારા કાલોલ તાલુકાના દેલોલ ગામે બરોડા-ગોધરા હાઈવેની બાજુમાં આવેલ શ્રીનાથ પ્રોટીન્સ એકમની આકસ્મિક તપાસણી કરતા શ્રીનાથ પ્રોટીન્સ એકમમાં મીશા એન્ટર પ્રાઈઝ વડોદરાથી પામ તેલ લાવી શ્રીનાથ પ્રોટીન્સ એકમમાં અનઅધિકૃત રીતે અલગ અલગ કંપનીના માર્કવાળા રીફાઈન્ડ કપાસિયા ઓઈલ તેમજ રીફાઈન્ડ વેજીટેબલ ઓઈલના અનઅધિકૃત કંપનીના માર્કા લગાવી ભેળસેળ યુકત રીફાઈન્ડ તેલનું વેચાણ કરતા જણાઈ આવેલ છે. શ્રીનાથ પ્રોટીન એકમ માંથી તેલના ૧૫ કિગ્રાના અલગ અલગ માર્કાવાળા પામ ઓઈલના ૧૯ ટીન ભરેલા ટીન જેની કિમત રૂપિયા ૨૭,૫૫૦/- તથા ખાલી ટીન ૧૫ કિગ્રાના ૨૦૦૦ નંગ જેની કિમત રૂપિયા ૫૦,૦૦૦/- તથા ૦૫ લીટરના તેલ ભરવાના ખાલી કારબા ૨૪૦૦ નંગ જેની કિમત રૂપિયા ૫૨,૮૦૦/- તથા ૦૧ લીટરના ખાલી બોટલ ૪૩૨૦ નંગ જેની કિમત રૂપિયા ૨૫,૯૨૦/- તથા ૫૦૦ મિલી ખાલી બોટલ ૨૭૩૭ નંગ જેની કિમત રૂપિયા ૮,૨૧૧/- તથા પેકેજીંગ મશીનરી બેરલ (પ્રવાહી ભરેલ) ૧ નંગ (અંદાજે ૧૮૦ લીટર પ્રવાહી) જેની કિમત રૂપિયા ૨,૦૦,૦૦૦/- આમ કુલ મળી ખાલી ટીન - ૧૧૪૫૭ જેની કુલ રકમ રૂપિયા ૧,૩૬,૯૩૧/- (અંકે રૂપિયા એક લાખ છત્રીસ હજાર નવસો એકત્રીસ પુરા) તથા ભરેલ ટીન - ૧૯ જેની કુલ રકમ રૂપિયા ૨૭,૫૫૦/- (અંકે રૂપિયા સત્યાવીસ હજાર પાંચસો પચાસ પુરા) તેમજ પેકેજીંગ મશીનરી બેરલ (પ્રવાહી ભરેલ) ૧ નંગ (અંદાજે ૧૮૦ લીટર) જેની કિમત રૂપિયા ૨,૦૦,૦૦૦/- (અંકે બે લાખ પુરા) નો જથ્થો મળી આવેલ છે. આમ, કુલ મળી બજાર કિંમત રૂપિયા ૩,૬૪,૪૮૧/-(અંકે રૂપિયા ત્રણ લાખ ચોસઠ હજાર ચારસો એક્યાસી પુરા)નો જથ્થો જપ્ત (સીઝ) કરી શ્રીનાથ પ્રોટીન્સ એકમના માલિક અનીસ એસ. ચુડેસરા સામે આગળની નિયમાનુસારની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. તેમજ વેજલપુર ખાતે આવેલ વિહોત પ્રોવિજન સ્ટોર ઉપર પણ તપાસ કરવામાં આવી હતી. ત્યારે વેજલપુર ખાતે બિલોનું ક્રોસ વેરિફિકેશન કરતા બિલો પામ તેલના મળી આવેલ હતા અને તેલ ડબ્બા ઉપર લેબર રિફાઈન્ડ કપાસિયા તેલના જોવા મળિયા હતા. જેથી સ્પષ્ટપણે દેખાઈ રહ્યું છે કે ક્યાંકને ક્યાંક લોકોના આરોગ્ય સાથે ચેડા થઈ રહ્યા હોય તે જણાઈ રહ્યું છે.

# શહેરાના પસનાલ ચોકડી પાસે છાત્રાલયમાં શાળા પ્રવેશોત્સવ-૨૦૨૩ની ૧૪૦૦ સાયકલો જોવા મળી તપાસ જરૂરી



શહેરા,

શહેરા તાલુકાના પસનાલ ચોકડી પાસે આવેલી છાત્રાલય ખાતે શાળા પ્રવેશોત્સવ ૨૦૨૩ ના લખાણવાળી ૧૪૦૦ કરતા વધુ સાઈકલો જોવા મળી રહી હતી. જોકે, શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ વર્ષ ૨૦૨૩ અને ૨૦૨૪ નો પણ પૂર્ણ થઈ ગયો હોય ત્યારે શાળા પ્રવેશોત્સવ વર્ષ ૨૦૨૩ના લખાણવાળી સાઈકલો અહી જોવા મળી રહી હતી. આ બાબતે સંબંધિત તંત્રના ઉચ્ચ અધિકારીઓ દ્વારા ઝીણવટ ભરી તપાસ કરવામાં આવે જેથી ખરી હકીકત બહાર આવી શકે તેવી શક્યતાઓને પણ નકારી શકાય તેમ નથી.

શહેરા તાલુકાના પસનાલ ચોકડી પાસે આવેલી છાત્રાલય ખાતે શાળા પ્રવેશોત્સવ ૨૦૨૩ ના લખાણવાળી ૧૪૦૦ કરતા વધુ સાઈકલો અહી જોવા મળી રહી હતી. તાલુકા પંથકમાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી કાર્યક્રમ પણ ક્યારનો પૂર્ણ થઈ ગયેલ હોવા સાથે માધ્યમિક વિભાગમાં ધોરણ નવ માં અભ્યાસ કરતી વિદ્યાર્થીઓનો અભ્યાસક્રમ પણ એક મહિના ઉપરાંત થી ચાલુ થઈ ગયો છે. જ્યારે ધોરણ-૯ માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને સરસ્વતી સાધના યોજના અંતર્ગત સાઈકલો ક્યારે આપવામાં આવશે એવા અનેક સવાલો અહીં ઊભા થતા જોવા મળી રહ્યા છે. છાત્રાલય ખાતે સાઇકલો ક્યારની તૈયાર થઈ ગઈ હોય તેમ છતાં હજુ સુધી વિતરણ પણ શરૂ કરવામાં આવ્યું નથી, ખુલ્લી જગ્યામાં સાઇકલો હોવાથી વરસાદમાં ભીની પણ થતી હોવા સાથે સાઇકલોને કાટ ખાઈ જવાની પણ સંભાવના રહેલી હોય ત્યારે સંબંધિત તંત્ર દ્વારા આ ઉપરોક્ત બાબતને હજુ સુધી ગંભીરતા લેવામાં ન આવી હોય એમ લાગી રહ્યું છે. જોકે શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ વર્ષ ૨૦૨૩ અને ૨૦૨૪ નો પણ પૂર્ણ થઈ ગયો હોય તેમ છતાં કયા કારણથી શાળા પ્રવેશોત્સવ વર્ષ ૨૦૨૩ ના લખાણવાળી સાઇકલો અહીં જોવા મળી રહી હોય ત્યારે આ બાબતે ઉચ્ચ અધિકારીઓ દ્વારા ઝીણવટ ભરી તપાસ કરવામાં આવે જેથી ખરી હકીકત બહાર આવી શકે તેવી શક્યતાઓને પણ નકારી શકાય તેમ નથી. છાત્રાલય ખાતે જોવા મળતી આ સાઇકલો માધ્યમિક વિભાગમાં ધોરણ નવમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને વહેલી તકે વિતરણ કરવામાં આવે તો ધોરણ નવમાં અભ્યાસ કરતી છોકરીઓને ઘરેથી ચાલીને આવવાની જગ્યાએ શાળામાં સાઇકલ લઈને આવતા જોવા મળે તો નવાઈ નહી. જોકે, આ બાબતે તંત્ર ક્યાંક્ને ક્યાંક જાણતું હોવા છતાં શુભ મુહૂર્તની રાહ દેખી રહ્યા હોય સાઈકલ વિતરણ કરવામાં તેવુ લાગી રહયું છે.

છાત્રાલય ખાતે જે સાઇકલો જોવા મળી રહી છે તેનું ફીટીંગ એજન્સી દ્વારા બરાબર કરવામાં આવ્યું છે કે નહી તેની તપાસ સંબંધિત તંત્ર દ્વારા કરવામાં આવે એ પણ જરૂરી છે. જેથી ધોરણ-૯માં અભ્યાસ કરતી છોકરીઓને નવી સાઇકલ મળવાની સાથે બહાર સાઈકલનું રીપેરીંગ કરાવવું પડે નહીં અને રૂપિયાનો પણ બચાવો થઈ શકે તો નવાઈ નહી.

સરસ્વતી સાધના યોજના હેઠળ ધોરણ નવ માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને શાળામાં આવવા અને જવા માટે સાઇકલો આપવામાં આવતી હોય છે. જોકે, શાળા શરૂ થઈ ગઈ હોય તેમ છતાં હજુ સુધી ધોરણ-૯ની છોકરીઓને સાઇકલો મળી ન હોય ત્યારે આ છાત્રાલય ખાતે જોવા મળતી સાઈકલોનું વિતરણ વહેલી તકે શાળાઓમાં કરવામાં આવે તો ધોરણ-૯ માં અભ્યાસ કરતી દીકરીઓને શાળામાં ચાલતા આવવાની જગ્યાએ સાઇકલ લઈને આવે તો સમયસર શાળામાં અને ઘરે પહોંચી શકે તો નવાઈ નહી.

છાત્રાલય ખાતે ૧૪૦૦ કરતાં વધુ સાઇકલો તૈયાર થયેલ જોવા મળી રહી હોય ત્યારે સંબંધિત તંત્ર દ્વારા ચોમાસાની ઋતુ શરૂ હોવાથી આ સાઇકલોનું વિતરણ વહેલી તકે કરવામાં આવે તે પણ અત્યંત જરૂરી છે. જોકે, સાઇકલના ચેચીસ પર શાળા પ્રવેશોત્સવ વર્ષ ૨૦૨૩ના લખાણ લખેલ જોવા મળી રહેલ હોય ત્યારે વર્ષ ૨૦૨૪ હાલ ચાલી રહ્યું હોવાથી વિદ્યાર્થીનીઓને કયા વર્ષની સાઇકલ આપવામાં આવશે એવા અનેક સવાલો લોકોમાં ચર્ચાઇ રહ્યા હતા.

# ગોધરા ખાતે જીલ્લા સૈનિક બોર્ડ તથા સમસ્યા નિવારણ સમિતિની ત્રિમાસિક બેઠક યોજાઈ




ગોધરા,

આજરોજ પંચમહાલ જીલ્લા કલેકટર આશિષકુમારના અધ્યક્ષ સ્થાને કલેક્ટર કચેરી,ગોધરા ખાતે જીલ્લા સૈનિક બોર્ડ તથા સમસ્યા નિવારણ સમિતિની ત્રિમાસિક બેઠક યોજાઈ હતી.આ બેઠકના અધ્યક્ષ અને જીલ્લા કલેકટરએ પંચમહાલ મહીસાગર અને દાહોદ જીલ્લાઓના સેવારત સૈનિકો/પૂર્વ સૈનિકો તથા તેઓના આશ્રિતોની સમસ્યાઓની સમીક્ષા કરાઈ હતી. બેઠકના સભ્યઓ તરફથી રજૂ થયેલ સૈનિક કલ્યાણ તથા પૂર્વ સૈનિકોને સંબંધિત વિવિધ મુદ્દાઓની રજૂઆત કરાઈ હતી. બેઠકમાં ચાલુ નાણાકીય વર્ષમાં ચૂકવવામાં આવેલ વિવિધ આર્થિક સહાય તથા એકત્રિત થયેલ ભંડોળ અંગે ચર્ચા કરાઈ હતી. બેઠકમાં જીલ્લા કલેકટરએ જણાવ્યું હતું કે, સૈનિકો દેશનું ગૌરવ છે અને તેમને કોઈપણ પ્રકારની મુશ્કેલી ના પડે તે માટે તંત્ર તરફથી તમામ પ્રયત્નો કરવામાં આવશે. અહી નોંધનીય છે કે, જીલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, પંચમહાલ ખાતે ૩૦ જૂન ૨૦૨૪ની સ્થિતિએ દાહોદ,પંચમહાલ અને મહીસાગર જીલ્લાના કુલ ૨૦૯૫ પૂર્વ સૈનિકો,૩૩૮ સ્વર્ગસ્થ સૈનિકોના ધર્મપત્નીઓ તથા ૬૯૬૧ આશ્રિતીનો નોંધણી કરવામાં આવી છે. રાજ્ય સૈનિક બોર્ડ તરફથી એપ્રિલ થી જૂન ૨૦૨૪ દરમિયાન કુલ ૧૮ કેસોમાં ૩,૧૯,૫૫૦ જેટલી સહાય ચૂકવવામાં આવી છે. જ્યારે ગત નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન કુલ ૩૧ કેસોમાં રૂ. ૮,૫૩,૨૦૦ની આર્થિક સહાય ચૂકવાઈ છે. પંચમહાલ જીલ્લામાં વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન સશસ્ત્ર સેના ધ્વજ દિન ભંડોળ અંતર્ગત કુલ ૭.૯૫ લાખનું ભંડોળ એકત્ર કરવામાં આવ્યું છે. આજની બેઠકમાં જીલ્લા વિકાસ અધિકારી ડી.કે.બારીઆ સહિત કમિટીના સભ્યઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વેજલપુર પોલીસે મહેલોલ ફાટક પાસે ખુલ્લા ખેતરમાં જુગાર રમતા ચારને ઝડપ્યા

વેજલપુર,

વેજલપુર પોલીસ સ્ટેશનનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. ત્યારે તેઓને બાતમી મળેલ કે મહેલોલ ફાટકની જમણી બાજુએ ખુલ્લા ખેતરોની સીમમાં અહેમદ ઊર્ફે ડીગો હમીદ પથિયા પોતાના અંગત લાભ માટે કેટલાક ઈસમોને ભેગા કરી પૈસા વડે પાના પત્તાનો હાર જીતનો જુગાર રમી રમાડે છે. જે આધારે પોલીસે રેડ કરતા સ્થળ ઉપરથી ચાર ઈસમો ઝડપાઈ ગયા હતા. પોલીસને જોઈને અન્ય ઈસમો નાસી છૂટચા હતા. પોલીસે સ્થળ ઉપરથી પાના-પત્તાની કેટ તેમજ અંગજડતી માંથી ૪,૫૯૦ રૂપિયા અને દાવ પરના ૩૨૫૦ કુલ મળીને ૭,૮૪૦ રૂપિયાનો મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો.



દાહોદ તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. તુષાર ભાભોરના માર્ગદર્શન હેઠળ ઝાલોદ તાલુકાના પ્રા.આ.કેન્દ્ર- ગરાડુંના અનવરપુરા ગામની પ્રાથમિક શાળામાં આર.બી.એસ.કે. ટીમ-ગરાડું દ્વારા ચાંદીપુરા તેમજ ચોમાસામાં થતા પાણીજન્ય અને મચ્છરજન્ય રોગોથી કેવી રીતે બચી શકાય તે અંગે આઇ.ઇ.સી. કરી સમજાવવામાં આવ્યું.


## કાલોલ શ્રી ભગિની સેવા મંડળ સંચાલિત શાળાની બાળાને અલુણા વ્રત નિમિત્તે ગોરમાનો પૂજન કાર્યક્રમ નું આયોજન



કાલોલ,

આજરોજ કાલોલ શહેર સ્થિત શ્રી ભગિની સેવા મંડળ સંચાલિત શાળાની બાળાને અલુણા વ્રત નિમિત્તે પાંચ દિવસ મંડળના હોલમાં ગોરમાનો પૂજનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ દિવસે મંડળના મંત્રી દિપ્તીબેન પરીખે ગૌરીવ્રત સમજ અને પૂજન કરાવ્યું. જ્યારે બાળકીઓને ડ્રાયફ્રુટ ચીકી અને ચોકલેટ વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં મંડળની બહેનો અસ્મિતાબેન સીમાબેન યોગીનીબેન અને બીજી સભ્ય બહેનો હાજરી આપી હતી અને બાળકોમાં ઉત્સાહ વધાર્યો હતો. આ બાળાઓનો ઉત્સાહ વધારવા માટે દરરોજ જુદી જુદી સ્પર્ધાનું પણ આયોજન કરેલ છે. અને દરરોજ સરપ્રાઈઝ ગીફ્ટ આપવાનું મંડળની બહેનો દ્વારા આયોજન કરવામાં આવેલ છે.

## કાલોલ તાલુકાના સુરેલી ગામમાં ગટર લાઈન લીકેજ થતા મુખ્ય રોડ પર ગંદકીનો પારાવાર



કાલોલ,

કાલોલ તાલુકાનું સુરેલીગામ પાંચ હજારની વસ્તી ધરાવતુ ગામ છે. સુરેલીગામના પટેલ ફડીયામાં બે વોડનો સમાવેશ થાય છે. જેમા અંદાજીત ૭૦ મકાન છે. જ્યારે આ વિસ્તારમાં ગ્રામ પંચાયત દ્વારા ગટર વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ગટર વ્યવસ્થાને ફડિયાંમાં થી શરૂ કરી બાજુ માંથી પસાર થતા સુરેલી - ઘુસર રોડને ક્રોસ કરી નદીના કોતર તરફ ખુલ્લી છોડવામાં આવતાં ગટરના પાણી કોતર તરફ વાળી દેવામાં આવ્યા છે. પરંતુ પટેલ ફડિયા પાસેથી પસાર થતા સુરેલી ઘુસર રોડ પર હાલ ગટર લાઈન તૂટતાં ગટરનું દુર્ગંધ ફેલાવતું ગંદુ પાણી રોડ પર ફરી વળ્યુ છે. ગટર લાઈન તુટી જવાના કારણે સ્થાનિક લોકો ને દુર્ગંધ મારતાં પાણી અને ખદબદતી ગંદકીનો સામનો કરવો પડતો હોય છે. જ્યારે આ જ રોડ પર સો મિટરના અંતરે આંગણવાડી પણ રોડની બાજુમાં અવાવરૂ જગ્યા પાસે આવેલી છે. જ્યારે આ ગામના આંગણવાડીના ભૂલકાઓ પણ આ માર્ગ પર થી પસાર થતા હોય છે તેમને પણ ગંદકીનો સામનો કરવો પડતો હોય છે. મુખ્ય રોડ પર પારાવાર ગંદકી ને કારણે સ્થાનિક તેમજ રાહદારીઓને મુશ્કેલીનો સામનો કરવાનો વારો આવી રહ્યો છે. રોડ પર ગટરના ગંદા પાણીના કારણે વાહચાલકોને પણ ત્યાંથી પસાર થવામાં ભય ઉત્પન્ન થતો હોય છે. મુખ્ય રોડ પર ફેલાયેલી ખદબદતી ગંદકી થવાના કારણે મચ્છરોનો પણ ઉપદ્રવ વધી ગયો છે. સ્થાનિક ગ્રામજનોની રજૂઆતો ગ્રામ પંચાયતમાં સરપંચ તલાટી દ્વારા લાંબા સમયથી સાંભળવામાં ન આવતા સ્થાનિક રહીશોમાં આક્રોશ જોવા મળી રહયો છે અનેકવાર રજુઆત કરવા છતાં પણ કોઈપણ પ્રકારનો નિકાલ આવતો નથી. ગામના મુખ્ય રસ્તાઓ પણ તુટી જવાના કારણે ખખડધજ અને લોખંડના સળિયા ઉભા થતા જોખમી બની ગયા છે. ગામના આ ફડિયમા તાજેતરમાં એક ઘરે મરણ થયુંહતુ તેમણે પણ આ રસ્તાનો સામનો કરવો પડ્યો. જેથી વહેલી તકે ગટર લાઈનનું કામ કરવામા આવે અને ગંદકી દુર કરી ગામને સ્વચ્છ રાખવામાં આવે તેવી લોક માંગ ઉઠવા પામી છે.

## પાવાગઢ બાયપાસ રોડ ઉપર પદયાત્રી માટે બનાવેલ ફુટપાથ ઉપરથી દબાણો તોડી નાખવામાં આવ્યા



હાલોલ,

હાલોલ શહેરની બહાર હાલોલ વડોદરા હાઈવે જ્યોતિ સર્કલ નજીક પાવાગઢ બાયપાસ રોડ થી પગપાળા યાત્રાધામ પાવાગઢ ખાતે આવતા પદયાત્રીઓ તેમજ આ રસ્તે થી પસાર થતા રાહદારીઓ માટે માટે ફૂટપાથ બનાવવામાં આવેલ છે. જે ફૂટપાથ પર છેલ્લા કેટલાય વર્ષોથી કેટલાક ઈસમો એડિંગો જમાવીને બેસી ગયા છે અને ત્યાં ગેરકાયદેસરના કાચા પતરા ના શેડ વાળા કે અન્ય પ્રકારના દબાણ ઊભા કર્યા હતા. તેમજ આ ફૂટપાઠની સામેના મુખ્ય રોડ પર પણ મકાઈ ડોડા વેચતા તેમજ વિવિધ ખાણીપીણીની ચીજ વસ્તુઓ વેચતા ઈસમો દ્વારા ગેરકાયદેસરના દબાણો ઉભા કરાયા હતા. જે જે દબાણોના કારણે આ રસ્તે અવારનવાર ભારે ટ્રાફિકજામની સમસ્યા સર્જાતી હોય અને અન્ય તકલીફો પણ ઉભી થતી હોઈ ગત દિવસોમાં હાલોલ ટાઉન પોલીસ દ્વારા હાલોલ નગરપાલિકાના સહકારથી હટાવી આવા તમામ ગેરકાયદેસરના દબાણો તોડી પાડવામાં આવ્યા હતા, તેમ છતાં થોડાક જ દિવસમાં ફરી આ સ્થળે કેટલાક લોકો દ્વારા ફરીવાર ગેરકાયદેસર દબાણો ઊભા કરી દેવામાં આવતા આજે ફરી એકવાર આ ગેરકાયદેસરના દબાણનો સફાયો બોલાવવાની તજવીજ હાલોલ નગરપાલિકાના તંત્ર દ્વારા હાથ ધરાઈ હતી. જેમાં આજે શુક્રવારે બપોરે ૪:૦૦ વાગ્યા બાદ આ તમામ ગેરકાયદેસર દબાણો જેસીબી મશીનની મદદથી તોડી પાડવા માટેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં હાલોલ નગરપાલિકાના મુખ્ય અધિકારી હિરલબેન ઠાકર હાલોલ ટાઉન પોલીસ મથકના પીઆઇ કે.એ.ચૌધરી, પીએસઆઇ એમ.એલ.ગોહિલ તેમજ હાલોલ નગરપાલિકાની દબાણ શાખાની ટીમ તેમજ ફાયર ફાઈટરની ટીમ અને હાલોલ પોલીસના કર્મચારીઓની હાજરીમાં જ્યોતિ સર્કલથી પાવાગઢ પાવાગઢ બાયપાસ રોડ તરફ જતા ફૂટપાથ પર કાચા પાકા ઝૂંપડપટ્ટી જેવા રહેઠાણ બનાવી ગેરકાયદેસર દબાણો કરતા આ તમામ લોકોના દબાણો આજે તોડી પાડવામાં આવ્યા હતા અને આ ફૂટપાથને ખુલ્લો કરવામાં આવ્યો હતો જ્યારે આ ફૂટપાઠની સામેના મુખ્ય રોડ પર રોડની સાઈડમાં મકાઈ ડોડાનો ધંધા કરતા તેમજ વિવિધ ખાણી પીણીની ચીજ વસ્તુઓ વેચવા માટે લારી ગલ્લા કેબીન અને પતરાના કાચા છાપરા વાળા શેડ બનાવીને દબાણ કરનારા લોકોના ગેરકાયદેસરના દબાણો પણ હાલોલ નગરપાલિકા તંત્ર દ્વારા આજે તોડી પાડવામાં આવ્યા હતા અને આ રસ્તો ટ્રાફિકને અનુકૂળ બને તેના માટે ખુલ્લો કરવામાં આવ્યો હોવાની માહિતી મળવા પામી છે.